દાખલ તારીખ:
રજીસ્ટર તારીખ:
ફેસલ તારીખ :
સમય : વર્ષ માસ દિવસ.

**સ્પે.દી.મુ.નં. 119/1992**

**ભરુચનાં મહેરબાન બીજા એડીશનલ સિનીયર સિવિલ જજ સાહેબની કોર્ટમાં**
**મુકામ : ભરુચ.**

વાદી નં. 1 કનુબેન તે સ્વ. ઇન્દ્રસિંહ ઇશ્વરસિંહ છાસટીયાની દીકરી
તે ઉમંગસિંહ બહાદુરસિંહની પત્ની
રહે. નવાપુરા, ( નીકોલી ),
તા. નાંદોદ, જી. ભરુચનાં વારસો

નં. 1/1 નિર્મળાબેન ઉર્ફે નીરુબેન તે ઉમંગસિંહ બાદરસિંહ ગોહીલની
દીકરી અને પ્રુથ્વીસિંહ રણજીતસિંહ રાઉલજીનાં પત્ની
ઉ.વ.આ. 60,
રહે. નવીધરી, પો.જુનીધરી,
તા. ગોધરા, જી. પંચમહાલ.

નં. 1/2 રંજનબેન તે ઉમંગસિંહ બાદરસિંહ ગોહીલનાં દીકરી અને
હિંમતસિંહ ગંભીરસિંહ રાજનાં પત્ની
રહે. વહીયાર,
તા. વાગરા, જી.ભરુચ
બંનેનાં કુલમુખત્યાર પ્રુથ્વીસિંહ રણજીતસિંહ રાઓલજી

વિરુધ્ધ

પ્રતિવાદી નં. 1 પ્રભાતબા તે સ્વ. ઉદેસિંહ ઇશ્વરસિંહ છાસટીયાની વિધવા
મરનાર પ્રભાતબા ઉદેસિહનાં લીગલ રીપ્રેઝન્ટેટીવ

નં. 1/1 કનુબેન ગંભીરસિંહ રાજ
રહે. ગામ-ઝણોર,
તા.જી. ભરુચ.

નં. 2 વિઠલભાઇ મોરારભાઇ માસ્તરનાં વારસો

નં. 2/1 વિનોદભાઇ વિઠલભાઇ
ઉ.વ.આ. પુખ્ત,
રહે. ઝણોર,
તા.જી. ભરુચ

નં. 2/2 અજીતભાઇ વિઠલભાઇ
ઉ.વ.આ. પુખ્ત,
રહે. ઝણોર,
તા.જી. ભરુચ

નં. 2/3 ગૌતમભાઇ વિઠલભાઇ
ઉ.વ.આ. પુખ્ત,
રહે. ગુ.વિ.બોર્ડ,
જુના પાદરા રોડ, દિવાળી પુરા,
વડોદરા.

નં. 2/4 કમળાબેન વિઠલભાઇની દીકરી
ઉ.વ.આ. પુખ્ત,
રહે. ગુ.વિ.બોર્ડ,
જુના પાદરા રોડ, દિવાળી પુરા,
વડોદરા.

નં. 2/5 કૈલાસબેન વિઠલભાઇની દીકરી
અને બચુભાઇ સેવદાસની પત્ની
ઉ.વ.આ. પુખ્ત,
રહે. ખારી તલાવડી, મેલડી માતાનાં મંદીર પાસે,
ફતેપુરા, વડોદરા.

નં. 2/6 કમળાબેન વિઠલભાઇની દીકરી
ઉ.વ.આ. પુખ્ત,
રહે. ઝણોર,
તા.જી. ભરુચ

નં. 2/7 જ્યોત્સનાબેન વિઠલભાઇની દિકરી
અને મનુભાઇ શનાભાઇની પત્ની
ઉ.વ.આ. પુખ્ત,
રહે. અંબીકા નગર-2, સુક્રુપી નગર પાસે,
જુના પાદરા રોડ, વડોદરા

નં. 3 દિવાળીબેન તે વિઠલભાઇ મોરારભાઇ
માસ્તરની પત્ની
ઉ.વ.આ.પુખ્ત, ધંધો-ઘરકામ,
રહે. અંબીકા નગર-2, સુક્રુપી નગર પાસે,
જુના પાદરા રોડ, વડોદરા

નં. 4 બળવંતસિંહ બાપુજીનાં વારસો

નં. 4/1 શાન્તાબેન તે બળવંતસિંહ બાપુજીનાં વિધવા
ઉ.વ.આ.પુખ્ત, ધંધો–ઘરકામ,
રહે. અંબીકા નગર–2, સુફ્રુપી નગર પાસે,
જુના પાદરા રોડ, વડોદરા

નં. 4/2 નરેન્દ્રસિંહ બળવંતસિંહ
ઉ.વ.આ. પુખ્ત,
રહે. પેરેડાઇઝ સોસાયટી,
મકતમપુરા જકાતનાકા પાસે,
પાણીની ટાંકી પાસે,
ભરુચ

નં. 4/3 અર્જુનસિંહ બળવંતસિંહ
ઉ.વ.આ. પુખ્ત, ધંધો– નોકરી,
રહે. ઝણોર,
તા.જી. ભરુચ.

નં. 5 પ્રભાતસિંહ રામસિંહ છાસટીયા

નં. 6 મરહુમ ઉમંગસિંહ પ્રભાતસિંહનાં વારસ
ધનબા તે ઉમંગસિંહ પ્રભાતસિંહની વિધવા
ઉ.વ.આ. પુખ્ત, ધંધો–ખેતી,
રહે. ઝણોર,
તા.જી. ભરુચ.

નં. 7 સુરેન્દ્રસિંહ બળવંતસિંહ છાસટીયા
ઉ.વ.આ. 35, ધંધો– નોકરી,
રહે. ઝણોર,
તા.જી. ભરુચ.

દાવોઃ રૂ. 1,01,093/- નાં આંકથી ડેકલેરેશન પાર્ટીશન તથા
પઝેસન વિગેરની દાદ માટેનો

---

વાદી તરફે વિ.વ.શ્રી કે.કે.સોલંકી
પ્રતિવાદી તરફે વિ.વ.શ્રી એચ.આઇ. શાહ

---

## ઠ રા વ

(1.) વાદીના દાવાની ટુંકમાં હકીકત એવી છે કે, આ કામનાં વાદી તે આ કામનાં પ્રતિવાદી નં. 1 નાં સગા ભત્રીજી થાય છે. પેઢીનામા મુજબ ઇશ્વરસિંહ ખુશાલસિંહ છાસટીયાને વસ્તારમાં બે દીકરા હતા. એક ઇન્દ્રસિંહ ઇશ્વરસિંહ અને બીજા ઉદેસિંહ ઇશ્વરસિંહ, ઇન્દ્રસિંહ ઇશ્વરસિંહનાં લગ્ન ઝણોર ગામમાં જ ચંદાબા સાથે થયેલા અને તેઓને વસ્તારમાં બે દીકરીઓ હતી. એક કનુબેન જે હાલ વાદી છે અને બીજા મનહરબા. ( ગુજરી ગયેલ છે ) જ્યારે ઉદેસિંહ ઇશ્વરસિંહનાં લગ્ન પણ ઝણોર ગામમાં જ પ્રભાતબા સાથે થયેલા. જે સદર કામે પ્રતિવાદી નં. 1 છે. પરંતુ તેઓને વસ્તારમાં કોઇ સંતાન ન હતું અને આજે પણ નથી અને આ બધા સંયુકત કુટુંબમાં સાથે રહેતા હતા. 1945 ની સાલમાં ઇન્દ્રસિંહ ઇશ્વરસિંહ પિતાની હયાતીમાં જ પત્ની, પુત્રીઓ અને ભાઇ, ભાભી તથા પિતાને મુકી ગુજરી ગયેલા. ત્યારબાદ બે એક વર્ષ બાદ મુળ ખાતેદાર ઇશ્વરસિંહ ખુશાલસિંહની જ હયાતીમાં જ ઇન્દ્રસિંહ ઇશ્વરસિંહનાં પત્ની ચંદાબા પણ 1947 માં વાદી કનુબેન, મનહરબેન, જેઠ ઉદેસિંહ, પ્રતિવાદી નં. 1 અને સસરા ઇશ્વરસિંહ ખુશાલસિંહને મુકીને ગુજરી ગયેલા. ગુજરનાર ચંદાબાનાં અવસાન સમયે વાદી કનુબેન અને તેમની બેન મનહરબેન બંને સગીર હતા અને આ બંને બહેનોને તેમના મોસાળ તરફથી દાવા અરજી સાથે રજુ કરેલ શીડયુલ અ માં જણાવેલ જમીનો, મિલ્કતો વારસાઇમાં મળેલી હતી. પરંતુ વાદીયણ કનુબેન અને તેમની બેન મનહરબેન તે વખતે સગીર વયનાં હોય તેમના વાલી તરીકે પિતાતુલ્ય કાકા ઉદેસિંહ ઇશ્વરસિંહ દાખલ થયેલા અને શીડયુલ અ વાળી મિલ્કતોની વાદીયણ અને તેમની બહેન મનહરબેનનાં વાલી તરીકે વહીવટ સંભાળેલો અને રેવન્યુ ખાતામાં એન્ટ્રી નં. 3366 તા. 20/4/47 થી નામ દાખલ કરાવેલ છે. આમ, શીડયુલ અ વાળી જમીનો મિલ્કતોનો વહીવટ મરહુમ ઉદેસિંહ ઇશ્વરસિંહ વાદી અને તેમની બહેન મનહરબેનની સગીર અવસ્થામાં જ એક વાલી અને ટ્રસ્ટી તરીકે જીવ્યા ત્યાં સુધી કરતા આવેલા અને તેઓનાં મૃત્યુ બાદ સદર શીડયુલવાળી જમીનો મિલ્કતોનો વહીવટ કબજો ભોગવટો હાલ પ્રતિવાદી નં. 1 પાસે આવેલ છે અને પ્રતિવાદી નં. 1 નોકર રાખી સદર જમીનોમાં ખેતી વિગેરે કામ કરાવે છે. ઇશ્વરસિંહ ખુશાલસિંહની વૃધ્ધા અવસ્થાને લીધે અવિભકત કુટંબની સધળી જવાબદારીઓ મરહુમ ઉદેસિંહ ઇશ્વરસિંહ નિભાવતા આવેલા. મરહુમ ઉદેસિંહ તથા પ્રતિવાદી નં. 1 એ વાદીનાં

માતા પિતા તુલ્ય હિસાબે વાદીનું લગ્ન નવાપુરા ( નીકોલી ) ગામમાં રહીશ ઉમંગસિંહ બહાદુરસિંહ સાથે કરાવેલ અને વાદીને સાસરે વળાવેલ. તેમજ વાદીની બહેન મનહરબેનનાં લગ્ન પણ ઉદેસિંહ અને પ્રતિવાદી નં. 1 એ બાહી ગામ શહેરા, જી. પંચમહાલનાં રહીશ ગણપતસિંહ ઉદેસિંહ રાણા સાથે કરાવેલ અને સાસરે વળાવેલા. વાદી અને તેમની બહેનોનાં લગ્નો કરાવી આપ્યા બાદ દાવાવાળી શીડયુલ–અવાળી જમીનો મિલ્કતોનો વહીવટ એક વાલી અને ટ્રસ્ટી તરીકે પ્રતિવાદી નં. 1 અને તેમના ગુજરનાર પતિ ઉદેસિંહ કરતા આવેલા. મનહરબેનનું પાછળથી નિ:સંતાન અવસ્થામાં અવસાન થયેલું હતું. 1958 ની સાલમાં તા. 03/03/58 નાં રોજ ઇશ્વરસિંહ ખુશાલસિંહ છાસટીયા પણ તેમની પાછળ વારસોમાં પુત્ર ઉદેસિંહ ઇશ્વરસિંહ અને પુત્રની પુત્રી કનુબેન ઇન્દ્રસિંહ તથા મનહરબેન ઇન્દ્રસિંહ અને પ્રતિવાદી નં. 1 ને મુકીને ગુજરી ગયેલા. ગુજરનાર ઇશ્વરસિંહ ખુશાલસિંહ તેમના મૃત્યુ સમયે તેમના વારસો માટે શીડયુલ બ તથા ક માં જણાવેલ જમીનો, મકાન વિગેરે મિલ્કતો મુકીને ગુજરી ગયેલા. સદર શીડયુલ બ માં અને ક વાળી જમીનો મિલ્કતોનું કયારેય પણ પાર્ટીશન થયેલ નથી અને ઇશ્વરસિંહ ખુશાલસિંહનાં વારસોની સંયુકત માલિકી અને કબજાની મિલ્કતો આવેલી છે. સદર શીડયુલ બ અને ક વાળી મિલ્કતોમાં ઇશ્વરસિંહ ખુશાલસિંહનાં તમામ વારસોનો કાયદેસરનો હકક અને અધિકાર છે. વાદી તેમનાં લગ્ન બાદ તેમની સાસરી નવાપુરામાં રહેતા હતા અને પ્રસંગોપાત કયારેક ઝણોર ગામે આવતા હતા. વાદીયણને મરહુમ ઉદેસિંહ કપડા લતા વિગેરે જરુરી ચીજો પણ લઇ આપતા હતા અને મરહુમ ઉદેસિંહ ઇશ્વરસિંહ તથા પ્રતિવાદી નં. 1 શીડયુલ અ, બ તથા ક વાળી મિલ્કતોનો વહીવટ કરતા આવેલા. આમ વર્ષો પસાર થવા લાગેલા. ત્યારબાદ તા. 28/03/91 ના રોજ કુટુંબનાં કર્તા ઉદેસિંહ ઇશ્વરસિંહનું પણ અવસાન થયેલ. ત્યારે વાદી નવાપુરા ગામેથી ઝણોર ગામે ગુજરનાર ઉદેસિંહ ઇશ્વરસિંહની મરણોતર ક્રીયા પાણીમાં આવેલા. અવિભકત કુટુંબનાં કર્તા ઉદેસિંહ ઇશ્વરસિંહ નહી રહેવાનાં લીધે તેમજ પ્રતિવાદી નં. 1 પણ વૃધ્ધ થઇ ગયેલા હોઇ અને તેમની તબીયત સારી ન રહેતી હોઇ વાદી સદર મિલ્કતોનાં વહીવટમાં રસ દાખવી ગુજરનાર ઉદેસિંહ ઇશ્વરસિંહનું નામ મિલ્કતોમાંથી કમી કરાવવા અંગે પ્રતિવાદી નં. 1 સાથે વાદીનાં પતિ અને બીજાઓ સમક્ષ ચર્ચા કરેલી. ત્યારે વાદીને જાણવા મળેલ કે, ઇશ્વરસિંહ ખુશાલસિંહનાં ખાતાની મળેલી શીડયુલ બ તથા ક વાળી વડીલોપાર્જીત મિલ્કતોમાં વાદી પણ સીધી લીટીનાં વારસદાર હોવા છતાં સહમાલિક તરીકે

વાદીનું નામ નોંધેલ ન હતું અને ગુજરનાર ઇશ્વરસિંહ ખુશાલસિંહનાં વારસદાર તરીકે એક માત્ર ઉદેસિંહ ઇશ્વરસિંહનું નામ ચાલે છે. તેવી માહીતી વાદીને મળેલી અને ત્યારબાદ થોડા દિવસો પછી પ્રતિવાદી નં. 1 એ જ ઇશ્વરસિંહ ખુશાલસિંહ પાસેથી વડીલોપાર્જીત મિલ્કતો જમીનોમાંથી હાલ બાકી રહેલી શીડયુલ બ વાળી મિલ્કતોમાં જમીનોમાં વારસાઇ કરાવવા માટે તા. 10/04/91 નાં રોજ એન્ટ્રી નં. 9848 ની પડાવેલી અને શીડયુલ બ વાળી મિલ્કતોમાં હાલ પ્રતિવાદી નં. 1 એકલા જ વારસદાર છે. તેવી માંગણી કરી જેથી તેની જાણ થતા વાદીએ તેમના કુલમુખત્યાર શ્રી પ્રુથ્વીસિંહ રણજીતસિંહ રાઉલજી મારફત તલાટી સમક્ષ વાંધો ઉઠાવેલો. જેથી તલાટી શ્રીએ વારસાઇ કેસને તકરારી કેસ બનાવી મામલતદાર શ્રી ભરુચને નિકાલ માટે કેસ મોકલી આપેલો. ત્યારબાદ વાદીયણે તેમના કુલમુખત્યાર મારફત રેવન્યુ રેકર્ડ તપાસ કરાવતા અને તા. 06/08/91 નાં રોજ નકલો મેળવતા વાદીયણને ખાત્રી થયેલી કે પ્રતિવાદી નં. 1 નાં મરહુમ, પતિ ઉદેસિંહ ઇશ્વરસિંહે આજથી 1958 ની સાલમાં ગુજરનાર ઇશ્વરસિંહ ખુશાલસિંહનાં મ્રુત્યુ પછી શીડયુલ બ તથા ક વાળી મિલ્કતો જમીનોમાં પોતે એકલા જ વારસ છે. તે મતલબની એન્ટ્રી નં. 4389 તા. 03/4/58 નાં રોજની પડાવેલી છે. સદર એન્ટ્રીમાં વાદીયણનું નામ વાદીયણ પોતે ગુજરનાર ઇશ્વરસિંહ ખુશાલસિંહનાં સીધી લીટીનાં વારસદાર હોવા છતાં વારસદાર તરીકે લખાવેલ નથી. તેટલું જ નહી. પરંતુ સદર એન્ટ્રીને ગેરકાયદેસર રીતે મંજુર પણ કરાવી દીધેલ છે. મરહુમ ઉદેસિંહ શીડયુલ ક વાળી જમીનો પૈકી સર્વે નં. 79/2/2 એકર 2-10 ગુઠા જમીન આ કામનાં પ્રતિવાદી નં. 5 ને તથા સર્વે નં. 376/1 પૈકી એકર 2-00 ગુંઠા તથા સર્વે નં. 376/2 ની એકર 2-00 ગુંઠા જમીનો પ્રતિવાદી નં. 4 ને તથા સર્વે નં. 220/2-3 ( બ્લોક નં. 551) ની જમીન પ્રતિવાદી નં. 2 અને 3 ને રૂ. 52,205/- માં વાદીની સંમતિ વગર વાદીની જાણ બહાર બારોબાર વેચાણ આપીને પ્રતિવાદી નં. 1 અને તેમના મરહુમ પતિ ઉદેસિંહે પૈસા ઉભા કરી લીધેલ છે. તેમજ શીડયુલ ક વાળી જમીનો પૈકી બ્લોક નં. 851 અને 789 જમીનો નેશનલ થર્મલ પાવર માટે સંપાદનમાં જતા મળેલા વળતરનાં નાણાં બ્લોક નં. 851 નાં રૂ. 7082/ - તથા બ્લોક નં. 789 નાં રૂ. 55012/- પણ પ્રતિવાદી નં. 1 અને તેમના મરહુમ પતિ ઉદેસિંહે વાદીનાં હકક અધિકાર વિરુધ્ધ વાદીની સંમતિ સિવાય હસ્તગત કરી લીધેલ છે અને વાદીને નાણાંમાંથી કાંઇપણ ભાગ આપેલ નથી. આ જાણકારી થતા

વાદીએ તેમના કુલમુખત્યાર મારફતે મે.મામલતદાર સાહેબ સમક્ષ ચાલતા સદર તકરારી કેસમાં તા. 30/8/91 નાં રોજ લેખિતમાં અરજી આપી મરહુમ ઉદેસિંહનાં ગેરકાયદેસરનાં સદર કામો અંગે વાંધા જણાવેલા અને ઇશ્વરસિંહ ખુશાલસિંહનાં સીધી લીટીનાં વારસદારનાં હકકે વાદીએ પોતાનું નામ શીડયુલ બ તથા ક વાળી મિલ્કતોમાં લખવા માંગણી કરેલી. પરંતુ મે. મામલતદાર સાહેબે વાદીની અરજી ઉપર કોઇ નિર્ણય લીધા વગર સદર વારસાઇ અંગેનાં તકરારી કેસમાં વાદીની વિરુધ્ધમાં તા. 24/09/91 ના રોજ હુકમ કરેલો. જેથી તે હુકમ સામે વાદીએ ભરુચનાં મે. નયબ કલેકટર સમક્ષ આર.ટી.એસ. અપીલ નં. 28/91 ની તા. 09/10/91 ના રોજની તથા એન્ટ્રી નં. 4389 સામે આર.ટી.એસ. અપીલ નં. 20/91 નાં રોજની દાખલ કરેલ છે. જે બંને અપીલો હાલ પેન્ડીંગ છે. પ્રતિવાદી નં. 1 એ શીડયુલ બ અને ક વાળી મિલ્કતોનાં વહીવટ માટે અને કોર્ટોમાં ચાલતા કેસોમાં પ્રતિવાદી નં. 1 તરીકે હાજર થઇ જે કામ ચલાવવા માટે ઝણોર ગામનાં સુરેન્દ્રસિંહ બળવંતસિંહ છાસટીયાને પાવર ઓફ એટર્ની આપેલ છે અને સદર પાવર ઓફ એટર્નીનાં આધારે સુરેન્દ્રસિંહ બળવંતસિંહ છાસટીયા સદર શીડયુલોવાળી જમીનો મિલ્કતોનો વહીવટ અને સાર સંભાળ પ્રતિવાદી નં. 1 નાં તરફથી રાખે છે. શીડયુલ બ વાળી જમીનો મિલ્કતોમાં વાદી ગુજરનાર ઇશ્વરસિંહ ખુશાલસિંહની સીધી લીટીનાં વારસદારનાં હિસાબે કાયદેસરનાં સહમાલિક અને સહ કબજેદાર હોવા છતાં માત્ર એક ગેરકાયદેસરની એન્ટ્રી નં. 4389 તા. 03/04/58 થી મરહુમ ઉદેસિંહ ઇશ્વરસિંહ વારસ તરીકે તેઓ એકલાનું નામ દાખલ કરાવેલ છે. ( જે એન્ટ્રી સામે આર.ટી.એસ. અપીલ નં. 29/91 મે. પ્રાંત ઓફીસર સમક્ષ હાલ પેન્ડીંગ છે.) તે સ્થિતીનો ગેરલાભ ઉઠાવવા માટે અને વાદીનાં હકકોને નુકશાન કરવા માટે પ્રતિવાદી નં. 1 પ્રયત્નો કરતા હતા. જેથી વાદી તા. 09/10/91 ના રોજ તેમના વકીલ મારફત પ્રતિવાદી નં. 1 ને નોટીસ મોકલાવેલ છે. જે નોટીસ પ્રતિવાદીને મળેલ પણ છે. સદર નોટીસ વાદી તેમના વકીલ મારફત પ્રતિવાદી નં. 1 ને મોકલાવેલ છે. જે નોટીસ પ્રતિવાદીને મળેલ પણ છે. સદર નોટીસમાં વાદી તેમના વકીલ મારફત પ્રતિવાદી નં. 1 ને જણાવેલ છે કે, શીડયુલ બ વાળી મિલ્કતો હાલ જે હયાત મિલ્કતો જમીનો રહેલ છે. તેમાંથી વાદીને તેમનો અડધો હીસ્સો અલગ કરી આપવો તથા તે જમીનો મિલ્કતો મરહુમ ઉદેસિંહ ઇશ્વરસિંહે અને પ્રતિવાદી નં. 1 એ બારોબાર સંમતિ વિના વેચેલ છે. તે શીડયુલ ક વાળી જમીનોની

વેચાણ કિંમતની અડધી રકમ વાદીને આપવી તથા સદર શીડયુલ ક વાળી જમીનો પૈકી બ્લોક નં. 851 અને 789 નેશનલ થર્મલ પાવરમાં સંપાદનમાં ગયેલ છે. તેના મળેલ વળતરનાં નાણાંમાંથી અડધા નાણાં વાદીને આપવા અને શીડયુલ બ વાળી મિલ્કતોનો કાયદેસર રીતે વિભાજન થાય નહી અને હરેકનો પોતાનો સ્વતંત્ર હકક હીસ્સો અલગ કરી આપવામાં આવે નહી ત્યાં સુધી શીડયુલ બ વાળી જમીનો ધર મકાન તથા બીજી કોઇપણ મિલ્કતો અન્ય કોઇને પણ કોઇપણ પ્રકારે તબદીલ કરવી નહીં. સદર નોટીસનો પ્રતિવાદી નં. 1 એ તેમનાં વકીલ મારફત તદન ઉડાઉ જવાબ આપેલ છે અને વાદીને તેમનો હકક હીસ્સો આપેલ નથી. ત્યારબાદ વાદી અને પ્રતિવાદી નં 1 નાં સદર જમીનો મિલ્કતોની તકરારનાં નિવારણ માટે અને વહેંચણી માટે સગા સંબંધીઓ, ગામના આગેવાનો વચ્ચે આવતા તા. 19/01/92 નાં રોજ પ્રતિવાદી નં. 1 નાં ધરે સમાધાન માટે વાદી અને પ્રતિવાદી નં. 1 નાં કુલમુખત્યારો ગામના આગેવાનો અને બીજા સગા સંબંધીઓ ભેગા મળેલા અને વાદી અને પ્રતિવાદી નં. 1 ની સદર મિલ્કતો અંગેની તકરારનું સમાધાન કરવા ભેગા મળેલા. ત્યારે પ્રતિવાદી નં. 1 તરફથી શીડયુલ બ અને ક વાળી વડીલોપાર્જીત મિલ્કતોમાંથી વાદીને ઉચ્ચક રૂ. 25,000/- રોકડા સુધી ભાગ આપવા સંમતિ બતાવી અને પુરેપુરી મિલ્કતોનો અડધો ભાગ આપવા પ્રતિવાદી તરફે તૈયાર ન થતા સમાધાન થઇ શકેલ નહીં. ત્યારબાદ પણ મે. નાયબ કલેકટર ભરુચ સમક્ષ ચાલતી આર.ટી.એસ. અપીલોમાં સમાધાન કરવા માટે બંને પક્ષકારો તરફે સમય માંગીને સમાધાન કરવા માટે પ્રયત્નો કરેલા. પરંતુ પ્રતિવાદી નં.1 તરફેથી તેમના કુલમુખત્યાર દવારા વાદીને શીડયુલ બ તથા ક વાળી મિલ્કતોમાંથી થોડી ઉચચક રકમ જ આપવા માંગતા હોઇ અને પુરેપુરો હીસ્સો આપવા માંગતા ન હોઇ અથવા આપવા માટે તૈયારી બતાવેલ ન હોઇ સમાધાન થઇ શકેલ નથી. શીડયુલ બ તથા ક વાળી મિલ્કતો જમીનોમાં વાદીનો વારસાઇ હકકે કાયદેસરનો અડધો હકક હીસ્સો આવેલ છે અને તેથી વાદી તરફે પોતાનાં અડધા હીસ્સા કરતા ઓછુ સ્વીકારવાની વાદી તરફે ઇન્કાર કરતા પ્રતિવાદી નં. 1 અને તેમનાં કુલમુખત્યાર વાદીથી નારાજ થયેલા છે અને છંછેડાઇ ગયેલા છે અને હવે વાદી ઉપર દબાણ લાવવામાં આવે છે કે જો વાદી શીડયુલ બ તથા ક વાળી મિલ્કતોમાંથી ઉચચક રકમ રૂ. 25,000/- લઇને છુટા નહી થઇ જાય તો શીડયુલ અ વાળી મિલ્કતો જે પ્રતિવાદી નં. 1 પાસે વાદીની અનામત રહેલી છે. તે શીડયુલ અ વાળી મિલ્કતોને પ્રતિવાદી નં. 1 વાદીને સોંપશે નહી અને શીડયુલ

અ અને બ વાળી મિલ્કતોને પ્રતિવાદી નં. 1 પોતે એકલા જ રાખશે અને વાદીને કાંઇ જ હીસ્સો મળશે નહી.તેથી શીડયુલ બ વાળી મિલ્કતોનું કાયદેસરનું વિભાજન કરી વાદીનો અડધો હીસ્સો અલગ કરી વાદીનાં હીસ્સાઓનો ખાસ અને પ્રત્યક્ષ કબજો પ્રતિવાદી નં. 1 અને તેમના મળતીયાઓ પાસેથી મેળવવા માટે શીડયુલ ક માં જણાવેલ જમીનો પૈકી પ્રતિવાદી નં.1 અને તેમનાં મરહુમ પતિ ઉદેસિંહ ઇશ્વરસિંહ આ કામનાં પ્રતિવાદી નં. 2 થી 6 નાઓને ગેરકાયદેસર રીતે કરી આપેલ વેચાણોને રદ કરાવવા માટે તથા જમીનોનો કબજો પ્રતિવાદીઓ નં. 2 થી 6 ના પાસેથી મેળવવા માટે અને વિકલ્પે વેચાણ આપેલ જમીનોની વેચાણ કિંમતનાં અડધા નાણાં પ્રતિવાદી નં. 1 પાસેથી મેળવવા માટે તથા બ્લોક નં. 851 અને 789 ની જમીનો સંપાદનમાં ગયેલ છે. તે જમીનોનાં મળેલા વળતરનાં નાણાંમાંથી તથા હજુ મળવાના બાકી છે. તે નાણાંમાથી વાદીનો અડધો હીસ્સો પ્રતિવાદી નં. 1 પાસેથી મેળવવા માટે તથા સદર મિલ્કતોનું કાયદેસર રીતે વિભાજન થઇ વાદીને તેમનો કાયદેસરનો હકક જ્યાં સુધી મળે નહીં. ત્યાં સુધી તેમના હીસ્સાનું ઉપાર્જન જે પ્રતિવાદી નં. 1 મેળવે તે ઉપાર્જન પ્રતિવાદી નં.1 પાસેથી મેળવવા માટે આ દાવો કરવાની જરુરીયાત ઉભી થયેલ છે. તેમ જણાવી દાદ માંગેલ છે કે, શીડયુલ અ વાળી જમીનો મિલ્કતો વાદીની સ્વતંત્ર માલિકીની આવેલી છે અને તેમાં પ્રતિવાદીઓનો કોઇ લાગભાગ કે હકક હિસ્સો નથી. તેમ ઠરાવવા તથા શીડયુલ અ વાળી મિલ્કતો પ્રતિવાદીને વાદીના હકક વિરુધ્ધ રાખવાનો નથી. તેમ ઠરાવી શીડયુલ અ વાળી જમીનો મિલ્કતોનો ખાસ અને પ્રત્યક્ષ કબજો પ્રતિવાદી નં.1 અને તેમના મળતીયાઓ પાસેથી વાદીને અપાવવા તથા શીડયુલ બ અને ક વાળી તમામ મિલ્કતોમાં વાદી ગુજરનાર ઇશ્વરસિંહ ખુશાલસિંહનાં સીધી લીટીનાં વારસદારનાં હિસાબે અડધી મિલ્કતોનાં કાયદેસર હકકદાર છે. તેમ ઠરાવી શીડયુલ બ વાળી મિલ્કતોનું અરસ નરસ જોઇ વાદીયણનો અડધો હીસ્સો પ્રતિવાદી નં. 1 અને તેમના મળતીયાઓ પાસેથી વાદીને અપાવવા તથા શીડયુલ ક વાળી મિલ્કતો પૈકી બ્લોક નં. 851 અને 789 ની જમીનો નેશનલ થર્મલ પાવરમાં સંપાદનમાં જતા મળેલી વચગાળાની રકમ રુ. 62,094/- માંથી વાદીનાં હકકની અડધી રકમ રુ. 31,047/- પ્રતિવાદી નં. 1 પાસેથી વાદીને અપાવવા તથા શીડયુલ ક વાળી મિલ્કત પૈકી સ.નં. 79/2/2 ની જમીનો પ્રતિવાદી નં. 5 ને આપેલ વેચાણ તથા સર્વે નં. 376/1 પૈકી અને 376/2 ની

જમીનો પ્રતિવાદી નં. 4 ને આપેલ વેચાણ તથા સર્વે નં. 220/2-3 ( બ્લોક નં. 551 ની જમીન પ્રતિવાદી નં. 2 અને 3 ને આપેલ વેચાણ ગેરકાયદેસર છે. તેમ ઠરાવી સદર વેચાણ રદ કરવા અને સદર વેચાણ આપેલ જમીનોનો કબજો પ્રતિવાદી નં. 2 અને 5 નાઓ પાસેથી લઇ વાદીને વાદીનો હીસ્સો અપાવવા. વિકલ્પે વાદીને સદર વેચાણ આપેલ જમીનોની વેચાણ કિંમતનાં અડધા નાણાં પ્રતિવાદી નં. 1 પાસેથી વાદીને અપાવવા તથા શીડયુલ બ અને ક વાળી મિલ્કતોનું કાયદેસરનું વિભાજન થાય નહી ત્યાં સુધી સદર શીડયુલ બ અને ક વાળી મિલ્કતો પૈકી કોઇ પણ મિલ્કત પ્રતિવાદી નં. 1 ને એકલાએ કોઇપણ પ્રકારે ગીરો, બક્ષીસ વેચાણ વગેરેથી કે વીલ કરી આપવાનો હકક કે અધિકાર નથી. તેમ ઠરાવવા તથા દાવાનો ખર્ચ અપાવવા અરજ કરેલ છે.

(2.) આ કામે વાદીનો દાવો દાખલ થયા બાદ પ્રતિવાદીઓને દાવાનો સમન્સ / નોટીસની બજવણી થયેલ છે અને પ્રતિવાદીઓ તેઓના વિ. વકીલ શ્રી મારફતે કોર્ટ સમક્ષ ઉપસ્થિત થયેલ છે અને પ્રતિવાદી નં. 1,4,6 નાઓએ આંક– 18 થી દાવા અરજીનો જવાબ રજુ કરેલ છે તથા પ્રતિવાદી નં 2/1 થી 2/7 અને 3 નાએ આંક–81 થી જવાબ રજુ કરેલ છે.

(3.) પ્રતિવાદી નં. 1,4,6 નાઓએ આંક– 18 થી દાવાનો જવાબ રજુ કરેલ છે, જેમાં વાદીના દાવા અરજીની સ્પષ્ટપણે કબુલ કર્યા સિવાયની તમામ હકીકતોનો ઇન્કાર કરી, જણાવેલ છે કે, પ્રતિવાદી નં. 1, 4, 6 ને વાદીના દાવામાં તદન ખોટી રીતે એક પ્રકારનું દબાણ લાવવા પક્ષકાર બનાવ્યા છે અને તે રીતે દાવાને મીસ જોઇન્ડર ઓફ પાર્ટીનો બાધ નડે છે. વાદીએ જે કોઝ ઓફ એકશન સાથે સદર દાવો કરેલ છે.તે જોતાં સને 1958 ની સાલથી દાવાવાળી મિલ્કતનો પ્રત્યક્ષ કબજો માલિકી હકકે પ્રતિવાદી નં. 1 નાં પતિ અને ત્યારબાદ પ્રતિવાદી નં. 1 નાં નામે ચાલ્યો આવે છે. જેથી વાદીની દાવા અરજી રદ થવાને પાત્ર છે. વદીનાં વિધાનો જે પક્ષકારોની સગાઇ અંગે અને લોહીનાં સંબંધ અંગે જણાવેલ છે. તે એકંદરે સાચા છે. તેની સાથે કોઇ ખાસ તકરાર નથી. પરંતુ વાદીની દાવા અરજીમાં જણાવ્યા પ્રમાણે " આ બધા જ સંયુકત કુટુંબમાં રહેતા હતા." તે વાકય પ્રતિવાદીને કબુલ નથી. વાદીનાં પિતા મરહુમ ઇન્દ્રસિંહ 1945 માં ગુજરી ગયા હતા. તે હકીકત સાચી છે અને મરહુમ ઇન્દ્રસિંહ તેઓનાં પિતા

એટલે કે મરહુમ ઇશ્વરસિંહની હયાતીમાં ગુજરી ગયા હતા. સને 1947 માં વાદીની માતા ચંદાબા ગુજરી ગયેલા. વાદીના માતા પિતા ગુજરી ગયા ત્યારે વાદીના દાદા તથા વાદીના કાકા એટલે કે, પ્રતિવાદી નં. 1 નાં પતિ હયાત હતા અને વાદીનાં માતા પિતા ગુજરી ગયા ત્યારે વાદી તથા વાદીની બેન મરહુમ મનહરબા સગીર વયના હતા. વધુમાં શીડયુલ અ માં જણાવેલી મિલ્કતો વાદીને અને તેમનાં મરહુમ બેન મનહરબાને માતૃ પક્ષથી વારસાઇમાં મળેલી હતી. તે હકીકત સત્ય છે. પરંતુ શીડયુલ અ વાળી મિલ્કતનો વહીવટ વાદીના વાલી તરીકે પ્રતિવાદી નં. 1 નાં પતિ ઉદેસિંહ કરતા હતા. શીડયુલ અ વાળી મિલ્કત જે ખેતીની જમીન છે. તે પ્રતિવાદી નં. 1 નાં મરહુમ પતિ આ કામનાં વાદી વતી વાદીની સુચના મુજબ પ્રતિવાદી નં. 4 કે જે પ્રતિવાદી નં. 6 નાં પિતા થાય છે. તે બળવંતસિંહ પાસે હાથે ભાગે ખેડાવતા આવેલા છે અને તેનો અડધો ભાગનો હિસાબ વાદી વર્ષો વર્ષ પ્રતિવાદી નં 4 બળવંતસિંહ બાપુજી છાસટીયા પાસેથી લેતા આવેલા છે. જેથી વાદીએ તેમની દાવાઅરજીમાં જણાવ્યા મુજબ શીડયુલ અ વાળી મિલ્કત પ્રતિવાદી નં. 1 નાં પતિ મરહુમ ઉદેસિંહે પ્રત્યક્ષ કબજામાં રાખી નોકર પાસે ખેતી કરાવતા હતા. તે હકીકત સાચી નથી. ટુંકમાં શીડયુલ અ માં જણાવેલી મિલ્કત પ્રતિવાદી નં. 4 નાં બળવંતસિંહ બાપુજી જે ઉમર આશરે 60 વર્ષની છે. તે છેલ્લા 20-25 વર્ષથી શીડયુલ અ વાળી મિલ્કત કે જે ખેતીની જમીનો છે. તેનો પ્રત્યક્ષ કબજો ગણોતીયા તરીકે ધરાવતા આવેલા છે. પરંતુ રેવન્યુ રેકર્ડ ઉપર વાદણનું નામ માત્ર નોમીનીમાં ચાલે છે અને ખરેખર ખેડુત ગણોતીયા તરીકે પ્રતિવાદી તે “ડીમ પરચેઝર” થઇ ગયેલા છે. શીડયુલ અ વાળી મિલ્કત સાથે, પ્રતિવાદી નં. 1 ને કોઇ પ્રત્યક્ષ કે પરોક્ષ રીતે સંબંધ નથી. પરંતુ વાદી ઇરાદાપુર્વક પ્રતિવાદી નં. 4 ગણોતે આ જમીન ખેડે છે. તે હકીકત છુપાવી છે. તેની પાછળ વાદીનો ઇરાદો એવો છે કે, પ્રતિવાદી નં. 6 પ્રતિવાદી નં. 1 ને સાથ સહકાર જે આપી રહયા છે અને પ્રતિવાદી નં. 1 નું કોઇ નજીકનું સગુ નથી. તેથી પ્રતિવાદી નં. 6 ઉપર દબાણ લાવવા તેમજ પ્રતિવાદી નં. 4 કે જે ગણોતીયા શીડયુલ અ પ્રતિવાદી નં. 4 ને આ કામનાં પક્ષકાર બનાવેલા છે. શીડયુલ અ માં બતાવેલ સર્વે નં. 864 હાલનો બ્લોક ઉપર વાદીનું નામ ચાલતુ હતું અને તે જમીન નેશનલ થર્મલ પાવર કોર્પોરેશનને સંપાદન કરીને તેનાં નાણાં વાદી લઇ ગયા. તે બાબતે પ્રતિવાદી નં. 4 એ વાદી સમક્ષ વિરોધ નોંધાવ્યો અને પ્રતિવાદી નં. 4 શીડયુલ અ માં જણાવેલી મિલ્કત અંગે ગણોતીયા હકકનું

પ્રકરણ ઉભું કરવાની તૈયારીમાં હતા. તેની જાણ વાદીને થતા વાદીએ શીડયુલ અ વાળી મિલ્કત ખોટી રીતે પ્રતિવાદી નં. 1 ના કબજે બતાવી આ દાવો પ્રતિવાદી નં. 4 અને પ્રતિવાદી નં. 6 વિરુધ્ધ ખોટો દાખલ કરેલો છે. દાવા અરજીનાં પેરા– 3 નાં વિધાનો મોટે ભાગે સાચા પ્રતિવાદી જણાવે છે. પરંતુ શીડયુલ અ વાળી જમીન પ્રતિવાદી નં. 1 નાં મરહુમ ધણી ઉદેસિંહ કે જેઓ સને 1991 માં ગુજરી ગયા ત્યારે પહેલા 20 વર્ષથી પ્રતિવાદી નં. 4 નાં કબજામાં વાદીના જ કહેવાથી હાથભાગે એટલે કે ગણોતે વાદી જે ખેડાવતા હતા અને પ્રતિવાદી નં. 1 ના મરહુમ ધણી સ્થળ ઉપર હાજર હોઇ પ્રતિવાદી નં. 4 ગણોતની રકમ વાદીને પુરેપુરી આપે છે કે કેમ તેટલા જ પુરતુ લક્ષ આપતા હતા. વાદીનાં દાદા મરહુમ ઇશ્વરસિંહ ખુશાલસિંહ કે જેઓ પ્રતિવાદી નં. 1 નાં સસરા અને તેમના મરહુમ ધણી ઉદેસિંહનાં પિતા તેમજ વાદી અને તેમની મરહુમ બેન મનહરબા ઉર્ફે મનુબાનાં દાદા તા. 03/03/58 નાં રોજ ગુજરી ગયેલા. તો તેવી હકીકત એકંદરે સાચી છે. તેઓ વધુમાં જણાવે છેકે, આ કામનાં વાદીનો જન્મ તા. 09/09/1930 છે. તેવી હકીકત વાદીએ ઇરાદાપુર્વક નામદાર કોર્ટને ગેરમાર્ગે દોરવા અર્થે છુપાવેલી છે અને તેથી 1958 માં વાદી અને તેમના મરહુમ બેન મનહરબા કે જેઓ પણ પુખ્તવયનાં હતા અને તેઓનો જન્મ તા. 16/08/1933 છે અને તેઓનું લગ્ન પણ થઇ ગયેલું હતું. તેઓ બંને શીડયુલ બ અને ક વાળી જમીન ઉપર પોતાનો કહેવાતો હકક હતો. તેવુ દલીલ ખાતર સ્વીકારીએ તો પણ તેઓએ કાયદેસર રીતે તેઓનાં લગ્નની પાછળ થયેલા ખર્ચને ધ્યાનમાં લેતા તેમજ વાદણનાં મરહુમ પિતાની જે તે સમયની કેટલીક નાણાંકીય જવાબદારીઓનાં સંદર્ભમાં જે હકક ઉઠાવી લીધો હતો. તેવી સઘળી હકીકત વાદીએ છુપાવેલી હોય વાદીએ સપ્રેસન ઓફ મટીરીયલ ફેકટસ કરેલ છે. મરહુમ ઇશ્વરસિંહ ખુશાલસિંહ જેઓ તા. 03/03/1958 નાં અરસામાં ગુજરી ગયા ત્યારે શીડયુલ બ અને ક વાળી દાવામાં જણાવેલી મિલ્કતો વાદી વિગેરેને વારસામાં વણવહેંચાયેલી છોડીને ગયેલા હતા. તો તે હકીકત સદંતર ખોટી છે. પ્રતિવાદી જણાવે છે કે, સને 1958 ની સાલથી શીડયુલ બ અને ક વાળી મિલ્કતમાં પ્રતિવાદી નં. 1 નાં ધણી અને પ્રતિવાદી નં. 1 નો જ માત્ર સ્વતંત્ર માલિકીનો કબજો ભોગવટો એકધારો નિરંતર કોઇની પણ દખલગીરી વિના તેમજ વાદી સહિત તમામ સમગ્ર જગતની ધ્યાનમાં અને જ્ઞાનમાં માલિકી હકકે ચાલ્યો આવે છે અને તેવી હકીકતે વાદી સહિત શીડયુલ બ અને ક ની મિલ્કતમાં સને 1958 પછીથી કોઇની કોઇપણ પ્રકારનો હકક,હિત, હીસ્સો કે લાગભાગ, આલેખો,

ચાર્જ નથી. તેમ જાહેર કરેલ છે. વધુમાં વાદી તેમની દાવા અરજીનાં પેરા 5 માં જણાવે છે કે, તેઓ પ્રસંગોપાત ઝણોર પોતાની સાસરીમાંથી આવતા હતા. તે અન્વયે પ્રતિવાદી જણાવે છે કે, તેઓ શીડયુલ અ ની ખેતીની જમીન કે જે પ્રતિવાદી નં.4 નાં પ્રત્યક્ષ કબજામાં ગણોતીયા તરીકે આવી ત્યારથી વારંવાર ભાગ લેવા માટે અને ગણોત લેવા-દેવા માટે અને પ્રતિવાદી નં. 4 સાથે હિસાબ - કિતાબ કરવા માટે આવતા હતા. શીડયુલ અ, બ અને ક વાળી મિલ્કતોનો વહીવટ વાદી વિગેરેનાં સહ-હિસ્સેદારોનું સંયુકત હિત ધ્યાનમાં રાખીને માત્ર વહીવટ કરતા હતા.તો તેવી વાદીની સધળી ઇબારતો અને વિધાનો ઉપરોકત રીતે જણાવેલ બાબતોનાં સંદર્ભમાં સત્યથી વેગળી અને દાવો કરવા પુરતી ઉપજાવી કાઢેલી હોઇ તે પ્રતિવાદી કબુલ રાખતા નથી. વાદીએ જણાવેલ છે કે, તા. 28/03/1991 નાં રોજ પ્રતિવાદી નં. 1 નાં પતિ ગુજરી ગયા હતા. તે તે હકીકત સાચી છે. વાદી તેવા પ્રસંગે ઝણોર આવેલા હતા. તે તેવી હકીકત પણ સાચી છે. પરંતુ વાદીનું વિધાન કે મરહુમ ઉદેસિંહ કુટુંબનાં કર્તા હતા. તે તેવી હકીકત સાચી નથી. આ અંગે ઉપર શીડયુલ અ, બ, ક ની મિલ્કત અંગે પ્રતિવાદીએ સ્પષ્ટ ખુલાસો કરેલ છે. તેથી તે રીતે મરહુમ ઉદેસિંહ વાદીનાં વડીલ કાકા તરીકે ગુજરી ગયા તેટલી જ હકીકત વાદીએ સાચી જણાવેલી છે. પ્રતિવાદી નં. 1 નાં પતિ ગુજરી ગયા તેથી વડીલોપાર્જીત મિલ્કત જે શીડયુલ બ અને ક માં જણાવેલ છે. તે મિલ્કતોમાંથી પ્રતિવાદી નં.1 નાં મરહુમ પતિનું નામ કમી કરાવવા અને તેવી મિલ્કતનો વહીવટ વાદી પોતે કરવા અર્થે પોતાનાં પતિની હાજરીમાં અને અન્ય લોકોની હાજરીમાં પ્રતિવાદી નં. 1 સાથે ચર્ચા કરી તે સધળી વાતો ખોટી છે અને પ્રતિવાદી નં. 1 ની તબીયત સારી ન રહેતી હોય તેવી હકીકત પણ સત્યથી તદન વેગળી છે. વધુમાં પ્રતિવાદી જણાવે છે કે, વાદીએ દાવા અરજીમાં જણાવેલ છેકે, ઉદેસિંહનાં મૃત્યુ બાદ વાદીને સૌ પ્રથમ વાર ખબર પડી કે, શીડયુલ બ તથા ક વાળી મિલ્કતોમાં તેઓ પણ સીધી લીટીનાં વારસદાર હોવા છતાં તેમનું નામ દાખલ નહતું તો તે હકીકત સત્યથી વેગળી છે. સત્ય હકીકત છે કે, વાદી તથા તેમના બેન 1958 માં પુખ્તવયનાં હતા. તેઓનાં બંનેના લગ્ન થઇ ગયેલા હતા. તેઓ બંનેની જાણમાં શીડયુલ બ અને ક વાળી મિલ્કતમાં નોંધ નં. 4389 થી પડેલી હતી. આમ, તેઓ છેલ્લા 34 વર્ષથી એટલે કે તા. 03/04/1958 ની એન્ટ્રી નં. 4389 થી આજદીન સુધી મરહુમ ઉદેસિંહ શીડયુલ બ અને ક વાળી મિલ્કતોનો પત્યક્ષ કબજો માલિકી હકકે વાદીની જાણમાં અને ધ્યાનમાં કરતા આવેલા હોય એક દલીલ કરવા

ખાતર માની પણ લઇએ કે વાદીનો શીડયુલ બ અને ક વાળી મિલ્કતમાં કોઇ હકક હતો તો 1958 થી અને ત્યારપછીથી 12 વર્ષથી તેવો કહેવાતો હકક લુપ્ત થઇ ગયેલો છે અને પ્રતિવાદી નં. 1 નાં મરહુમ ધણી ઉદેસિંહ "એડવર્ઝ પશેસન" થી એટલે કે સતત એકધારા 12 વર્ષ ઉપરાંતથી દાવાવાળી મિલ્કતમાં વાદી વિગેરેની ધ્યાનમાં અને જ્ઞાનમાં માલિકી હકકે ઉપયોગ કરતા આવેલા હતા અને વાદીએ કે તેમના મરહુમ બેને કોઇ દિવસ કોઇ પણ પ્રકારનો વિરોધ કે અનતરાય કરેલો ના હોઇ વાદીને હવે એકાએક આ દાવાવાળી મિલ્કતમાં પોતાનો હકક-હીસ્સો માંગવાનો અધિકાર ન હોઇ તેથી પણ આ દાવો રદ થવાને પાત્ર છે.

પ્રતિવાદી નં. 2/1 થી 2/7 અને 3 નાએ આંક-81 થી જવાબ રજુ કરેલ છે.જેમાં જણાવેલ છે કે, વાદીની દાવા અરજીનાં પેરા નં 1 થી 10 બાબતે કોઇ તકરાર નથી. પ્રતિવાદી નં. 2 અને 3 તરફે વાદીની દાવા અરજીના પેરા નં. 11 માં જણાવેલ હકીકતો અંગે તકરાર લેતા જણાવેલ છે કે, તેઓના અગ્રજ શ્રી વિઠલભાઇ મોરારભાઇએ તા. 13/07/89 નાં રોજ રજીસ્ટર દસ્તાવેજ નં.1621 થી શ્રી ઉદેસિંહ ઇશ્વરસિંહ છાસટીયાને બ્લોક નં. 51 ની જમીન ત્યારની બજારકિંમતનું અવેજ રૂ. 52,205/ - રોકડા ચુકવી આપીને અધાટ, વેચાણ રાખેલી છે. તેથી વાદીને આ જમીન કે તેની કોઇપણ કિંમત તેમની પાસેથી પરત મેળવવાનો કોઇ જ હકક નથી.

(4.) (અ.) વાદી તરફે નીચે મુજબના મૌખિક પુરાવા રજુ કરવામાં આવેલ છે.

| અનુ. નં. | વિગત | આંક |
|---|---|---|
| 1. | વાદીનાં કુલમુખત્યાર શ્રી પ્રુથ્વીસિંહ રણજીતસિંહનાની સોગંદ ઉપર જુબાની | 132 |
| 2. | સાહેદ શ્રી નરેન્દ્રસિંહ રણજીતસિંહ રાઓલજીનાઓની સોગંદ ઉપર જુબાની | 332 |

(બ.) વાદીએ નીચે મુજબના દસ્તાવેજી પુરાવા રજુ કર્યા છે.

| ક્રમ | આંક | વિગત |
|---|---|---|
| ૦૧ | ૧૩૬ | રેવન્યુ નોંધ ૫૩૫૭ની સર્ટીફાઈડ નકલ |
| ૦૨ | ૧૩૭ | રેવન્યુ નોંધ નં.૩૩૬૬ની સર્ટીફાઈડ નકલ |
| ૦૩ | ૧૩૮ | રેવન્યુ નોંધ નં.૯૭૯૯ની સર્ટીફાઈડ નકલ |
| ૦૪ | ૧૩૯ | ખાતા નં. ૮૩ના આઠ–અની સર્ટીફાઈડ નકલ |
| ૦૫ | ૧૪૦ | રેવન્યુ સર્વે નં. ૮૬૪ની ૧૯૮૭ થી ૧૯૯૧ સુધી ૭/૧૨ની સર્ટીફાઈડ નકલ |
| ૦૬ | ૧૪૧ | રે.સ.નં. ૧૪૭૧ની ૧૯૮૭ થી ૧૯૯૧ સુધીની ૭/૧૨ની સર્ટી નકલ. |
| ૦૭ | ૧૪૨ | રે.સ.નં.૧૫૦૮ની ૧૯૮૭ થી ૧૯૯૧ સુધીની ૭/૧૨ની સર્ટી નકલ. |
| ૦૮ | ૧૪૩ | રે.સ.નં.૧૫૩૩ ની ૧૯૮૭ થી ૧૯૯૧ સુધીની ૭/૧૨ની સર્ટી નકલ. |
| ૦૯ | ૧૪૪ | રે.સ.નં. ૩૮૦/૨ની ૧૯૭૧ થી ૧૯૮૨ સુધીની ૭/૧૨ની સર્ટી નકલ. |
| ૧૦ | ૧૪૫ | રે.સ.નં. ૩૮૦/૨ ની ૧૯૬૧ થી ૧૯૭૦ સુધીની ૭/૧૨ની સર્ટી નકલ. |
| ૧૧ | ૧૪૬ | રે.સ.નં. ૩૮૦/૨ની ૧૯૫૨ થી ૧૯૬૦ સુધીની ૭/૧૨ની સર્ટી નકલ. |
| ૧૨ | ૧૪૭ | રે.સ.નં. ૫૦૮/૬ ની ૧૯૭૧ થી ૧૯૮૨ સુધીની ૭/૧૨ ની સર્ટી નકલ |
| ૧૩ | ૧૪૮ | રે.સ.નં.૫૦૮/૬ ની ૧૯૬૧ થી ૧૯૭૧ સુધીની ૭/૧૨ની સર્ટી નકલ |
| ૧૪ | ૧૪૯ | રે.સ.નં. ૫૦૮/૬ ની ૧૯૫૧ થી ૧૯૬૨ સુધીની ૭/૧૨ની સર્ટી નકલ |
| ૧૫ | ૧૫૦ | રે.સ.નં. ૫૧૮/૩ ની ૧૯૭૧ થી ૧૯૮૨ સુધીની |

| | | |
|---|---|---|
| | | ૭/૧૨ની સર્ટીનકલ |
| ૧૬ | ૧૫૧ | રે.સ.નં.૫૧૮/૩ ની ૧૯૬૧ થી ૧૯૭૧ સુધીની ૭/૧૨ની સર્ટી નકલ |
| ૧૭ | ૧૫૨ | રે.સ.નં..૫૧૮/૩ ની ૧૯૫૨ થી ૧૯૬૧ સુધીની ૭/૧૨ની સર્ટી નકલ |
| ૧૮ | ૧૫૩ | ખાતાનં. ૮૩ ની વેરાની પહોંચ અસલ, પહોંચ નં. ૯૦ |
| ૧૯ | ૧૫૪ | ખાતા નં. ૮૩ ની વેરાની પહોંચ અસલ, પહોંચ નં. ૭૧ |
| ૨૦ | ૧૫૫ | ખાતાનં. ૮૩ ની શિક્ષણ ઉપકરણની પહોંચ નં. ૮૩ અસલ |
| ૨૧ | ૧૫૬ | ખાતા નં. ૮૩ શિક્ષણ ઉપકરણની પહોંચ નં.૧૧૨ અસલ |
| ૨૨ | ૧૫૭ | જમીન સંપાદન અધિકારીએ બ્લોક નં. ૮૬૪ માટે આપેલ નોટીસની સર્ટી નકલ. |
| ૨૩ | ૧૫૮ | બ્લોક નં. ૮૬૪ ની કબજા રસીદ કેસ નં. ૨૦/૯૦ની સર્ટી નકલ |
| ૨૪ | ૧૫૯ | સદર બ્લોકની જમીનના મળેલા વળતરના નાણાં, બેન્ક ઓફ બરોડા ઝનોર બ્રાન્ચમાં મુકવા અંગેની રસીદ–દાખલો અસલ |
| ૨૫ | ૧૬૦ | ગુજરનાર ઉદેસિંહ ઈશ્વરસિંહે સર્કલ ઈન્સ્પેકટર રૂબરૂ આપેલ જવબાની સર્ટીફાઈડ નકલ. |
| ૨૬ | ૧૬૧ | ઝનોર ગ્રામ પંચાયતના તલાટીને આપેલ પેઢ ીનામાની સર્ટીફાઈડ નકલ. |
| ૨૭ | ૧૬૨ | મકાન માટેના ગામ નમુના નં. ૭ના ઉતારાની સર્ટી.નકલ |
| ૨૮ | ૧૬૩ | રે.સ.નં. ૮૧ ની ૮/અ ના ઉતારાની સર્ટીફાઈડ નકલ. |
| ૨૯ | ૧૬૪ | સ.નં. ૭૮૯ની ૧૯૯૦–૯૧ ની ૭/૧૨ની નકલ |
| ૩૦ | ૧૬૫ | સ.નં. ૫૪૧ની ૭/૧૨ની નકલ |
| ૩૧ | ૧૬૬ | સ.નં.૮૫૧ ની ૧૯૯૦–૯૧ ની ૭/૧૨ ની નકલ |
| ૩૨ | ૧૬૭ | સ.નં.૧૪૩/૧ની ૧૯૭૧ની ૧૯૮૨ સુધીની ૭/૧૨ની સર્ટી.નકલ |
| ૩૩ | ૧૬૮ | સ.નં.૧૪૩/૧ની ૧૯૬૧ થી ૧૯૬૯ સુધીની ૭/૧૨ ની સર્ટી. નકલ |
| ૩૪ | ૧૬૯ | સ.નં.૧૪૩/૧ ની ૧૯૫૨ થી ૧૯૬૧ સુધીની ૭/૧૨ ની સર્ટી.નકલ |
| ૩૫ | ૧૭૦ | સ.નં.૭૯/૨/૨ ની ૧૯૭૧ થી ૧૯૮૨ સુધીની ૭/૧૨ ની સર્ટી.નકલ. |
| ૩૬ | ૧૭૧ | સ.નં. ૭૯/૨/૨ની ૧૯૬૧ થી ૧૯૭૧ સુધીની ૭/૧૨ની સર્ટી.નકલ. |

| | | |
|---|---|---|
| ૩૭ | ૧૭૨ | સ.નં.૭૯/૨/૨ની ૧૯૫૨ થી ૧૯૬૧ સુધીની ૭/૧૨ ની સર્ટી.નકલ |
| ૩૮ | ૧૭૩ | સ.નં.૨૦૭/૨ ની ૧૯૭૧ થી ૧૯૮૨ સુધીની ૭/૧૨ ની સર્ટી. નકલ |
| ૩૯ | ૧૭૪ | સ.નં. ૨૦૭/૨ની ૧૯૬૧ થી ૧૯૭૧ સુધીની ૭/૧૨ ની સર્ટી.નકલ |
| ૪૦ | ૧૭૫ | સ.નં. ૨૦૭/૨ની ૧૯૫૨ થી ૧૯૬૧ સુધીની ૭/૧૨ની સર્ટી.નકલ |
| ૪૧ | ૧૭૬ | સ.નં. ૨૨૦/૨,૩ ની ૧૯૭૧ થી ૧૯૮૨ સુધીની ૭/૧૨ની સર્ટી.નકલ |
| ૪૨ | ૧૭૭ | સ.નં. ૨૨૦/૨,૩ ની ૧૯૬૧ થી ૧૯૭૧ સુધીની ૭/૧૨ની સર્ટી.નકલ |
| ૪૩ | ૧૭૮ | સ.નં. ૨૨૦/૨,૩ ની ૧૯૫૨ થી ૧૯૬૧ સુધીની ૭/૧૨ની સર્ટી.નકલ |
| ૪૪ | ૧૭૯ | સ.નં. ૩૬૯/૩ ની ૧૯૭૧ થી ૧૯૮૨ સુધીની ૭/૧૨ની સર્ટી.નકલ |
| ૪૫ | ૧૮૦ | સ.નં. ૩૬૯/૩ ની૧૯૫૨ થી ૧૯૬૧ સુધીની ૭/૧૨ની સર્ટી.નકલ |
| ૪૬ | ૧૮૧ | સ.નં. ૩૬૯/૪ ની ૧૯૭૧ થી ૧૯૮૨ સુધીની ૭/૧૨ની સર્ટી.નકલ |
| ૪૭ | ૧૮૨ | સ.નં.૩૬૯/૪ ની ૧૯૬૧ થી ૧૯૭૧ સુધીની ૭/૧૨ની સર્ટી.નકલ |
| ૪૮ | ૧૮૩ | સ.નં.૩૬૯/૪ ની ૧૯૫૨ થી ૧૯૬૧ સુધીની ૭/૧૨ની સર્ટી.નકલ |
| ૪૯ | ૧૮૪ | સ.નં. ૩૭૭/૧,૨ ની ૧૯૭૧ થી ૧૯૮૨ સુધીની ૭/૧૨ની સર્ટી.નકલ |
| ૫૦ | ૧૮૫ | સ.નં.૩૭૭/૧,૨ ની ૧૯૬૧ થી ૧૯૭૧ સુધીની ૭/૧૨ની સર્ટી.નકલ |
| ૫૧ | ૧૮૬ | સ.નં.૩૭૭/૧,૨ની ૧૯૫૨ થી ૧૯૬૧ સુધીની ૭/૧૨ની સર્ટી.નકલ |
| ૫૨ | ૧૮૭ | સ.નં. ૩૭૬/૧ની ૧૯૭૧ થી ૧૯૭૭ સુધીની ૭/૧૨ની સર્ટી.નકલ |
| ૫૩ | ૧૮૮ | સ.નં.૩૭૬/૧ ની ૧૯૬૧ થી ૧૯૭૧ સુધીની ૭/૧૨ની સર્ટી.નકલ |
| ૫૪ | ૧૮૯ | સ.નં.૩૭૬/૧ની ૧૯૫૨ થી ૧૯૬૧ સુધીની ૭/૧૨ની સર્ટી.નકલ |
| ૫૫ | ૧૯૦ | સ.નં. ૩૭૬/૨ની ૧૯૭૧ થી ૧૯૭૭ સુધીની ૭/૧૨ની સર્ટી.નકલ |
| ૫૬ | ૧૯૧ | સ.નં.૩૭૬/૨ ની ૧૯૬૧ થી ૧૯૭૧ સુધીની ૭/૧૨ની સર્ટી.નકલ |

| | | |
|---|---|---|
| ૫૭ | ૧૯૨ | સ.નં.૩૭૬/૨ ની ૧૯૫૨ થી ૧૯૬૧ સુધીની ૭/૧૨ની સર્ટી.નકલ |
| ૫૮ | ૧૯૩ | સ.નં. ૩૭૬/૧,૨ ની ૧૯૭૧ થી ૧૯૮૨ સુધીની ૭/૧૨ની સર્ટી.નકલ |
| ૫૯ | ૧૯૪ | ઝનોર ગામના ખાતાનું એકત્રીકરણ દર્શાવતું પત્રકની સર્ટી.નકલ. |
| ૬૦ | ૧૯૫ | પ્રતિવાદી નં.૧ ની વકીલ મારફત મોકલેલ નોટીસની ઓફીસ કોપી અસલ |
| ૬૧ | ૧૯૬ | સદર નોટીસ પ્રતિવાદીને પોસ્ટ કર્યાની પોસ્ટલ પાવતી નં. ૧૩૪૧ ની અસલ |
| ૬૨ | ૧૯૭ | પ્રતિવાદી નં.૧ ને સદર નોટીસ મળ્યાની એકનોલેજમેન્ટ પાવતી અસલ |
| ૬૩ | ૧૯૮ | પ્રતિવાદી નં.૧ ને સદર નોટીસનો આપેલ જવાબ. |
| ૬૪ | ૧૯૯ | નોટીસનો જવાબ આવેલ અસલ કવર |
| ૬૫ | ૨૦૦ | વાદી ને મોકલાવેલ પત્ર |
| ૬૬ | ૨૦૧ | ઝનોર ગામના પ્રભાતસિંહ માટીએડા એ પૃથ્વીસિંહ રણજીતસિંહ ઉપર મોકલેલ કવર અસલ |
| ૬૭ | ૨૦૨ | સદર કવરમાંથી નીકળેલ પત્ર અસલ |
| ૬૮ | ૨૦૩ | પત્ર યુ પી.સી. કર્યા બાબતની પાવતી અસલ |
| ૬૯ | ૨૦૪ | વાદીનં.૧ એ તેમના કુલમુખત્યાર સુરેન્દ્ર બી. છાસટિયા મારફત મોકલેલ અંતરદેશી પત્ર અસલ. |
| ૭૦ | ૨૦૫ | નાય કલેકટર સાહેબની કોર્ટમાં પક્ષકારોએ આપેલ સમાધાન માટેની સર્ટી નકલ. |
| ૭૧ | ૨૦૬ | નોંધ નંબર.૯૭૯૯ની સર્ટી.નકલ |
| ૭૨ | ૨૦૭ | સદર નોંધ અંગે દોરેલ પેઢીનામાની સર્ટી નકલ |
| ૭૩ | ૩૧૯ | વાદીએ આપેલ કુલમુખત્યારનામાની સર્ટી.નકલ. |
| ૭૪ | ૨૯૭ | ગામ ઝણોર તા.ભરૂચના ગામના નમુના નં.૮'અ' ખાતાનં. ૮૭ ના સર્ટીની નકલ |
| ૭૫ | ૨૯૮ | ગામ ઝણોર મધ્યના બ્લોક તા.૧૪૭૧ના ૭/૧૨ના સર્ટીની નકલ |

| | | |
|---|---|---|
| ૭૬ | ૨૯૯ | ગામ ઝણોરના બ્લોક નં. ૧૫૦૮ની ૭/૧૨ ના સર્ટીની નકલ |
| ૭૭ | ૩૦૦ | ગામ ઝણોરના બ્લોક નં. ૧૫૩૩ના ૭/૧૨ના સર્ટીની નકલ |
| ૭૮ | ૩૦૧ | ગામ ઝણોરના ખાતાનં. ૮૫ના ૮(અ)ના સર્ટીની નકલ |
| ૭૯ | ૩૦૨ | ગામ ઝણોરના મધ્યેના બ્લોક નં. ૫૪૧ના ૭/૧૨ના સર્ટીની નકલ |
| ૮૦ | ૩૦૩ | એન્ટ્રી નં. ૨૪ તા.૨૫.૧૧.૧૯૯૨ ના સર્ટીની નકલ |
| ૮૧ | ૩૦૪ | મોજે ઝણોરની દાવા વાળી મિલકતના સને ૨૦૦૨–૨૦૦૩ની આકારણીની નકલ |
| ૮૨ | ૩૧૯ | વાદીએ કરી આપેલ કુલમુખ્ત્યારનામાની સર્ટીફાઈડ નકલ |

(ક.) પ્રતિવાદીએ નીચે મુજબનાં મૌખિક પુરાવા રજુ કર્યા છે.

| અનુ. નં. | વિગત | આંક |
|---|---|---|
| 1. | પ્રતિવાદી નં. 1 કનુબેન ગંભીરસિંહ રાજનાઓની સિવીલ પ્રોસીજર કોડ ઓર્ડર – 18, રુલ – 4 મુજબ સોગંદનામા ઉપર સરતપાસ | 416 |
| 2. | સાહેદ નરેન્દ્રકુમાર રમણલાલ પંડયાનાઓની સિવીલ પ્રોસીજર કોડ ઓર્ડર – 18, રુલ – 4 મુજબ સોગંદનામા ઉપર સરતપાસ | 423 |
| 3. | સાહેદ અમીરસિંહ બહેચરસિંહ રાજનાઓની સિવીલ પ્રોસીજર કોડ ઓર્ડર – 18, રુલ – 4 મુજબ સોગંદનામા ઉપર સરતપાસ | 424 |

( ડ.) પ્રતિવાદીએ નીચે મુજબના દસ્તાવેજી પુરાવા રજુ કર્યા છે.

| અનુ. નં. | વિગત | આંક |
|---|---|---|

| | | |
|---|---|---|
| 1. | તા. 27/02/2001 વાળુ વીલુ | 432 |
| 2. | તા. 13/04/1992 નાં રોજનાં વીલની નકલ | 433 |

(5.) આ કામે વાદીની દાવા અરજી તથા પ્રતિવાદીઓ તરફે રજુ થયેલ લેખિત જવાબ ધ્યાને લઇ દાવાના નિર્ણય માટે મારા પુરોગામી ન્યાયાધીશ દવારા આંક–39 થી નીચે મુજબના મુદા કાઢવામાં આવેલ છે.

1. Whether the plaintiff proves that she is sole owner of suit property shown in schedule – A and deft have no right over it ?

2. Whether the plaintiff proves that she has 50 % share in the suit property shown in schedule B & C of the plaint by virtue of legal heirs of Deceased Ishwarsinh ?

3. Whether the plaintiff proves that she is entitled to get partitioned of suit property ?

4. Whether the plaintiff proves that she is entitled to get Rs. 31,047/- from the amount of compensation for acquation ?

5. Whether the plaintiff proves that the sale transaction of the property of S.No. 7912/2, 376/1, 376/2 and S.No. 220/2-3 block no. 551 is illegal & void ?

6. Whether the plaintiff is entitled to get the relief claimed ?

7. What order and decree ?

(6.) ઉપરોકત મુદ્દાના મારા નિર્ણય નીચે જણાવેલ કારણોસર નીચે મુજબ છે.

1. તા. 29/03/2012 નાં રોજનાં સમાધાનના આધારે થયેલ કરારદાદી હુકમનામા મુજબ
2. રે.સ.નં. 207/2 નવો બ્લોક નં. 541 વાળી તમામ જમીનમાં વાદીનો હકક છે. તે રીતે હકારમાં,
   તે સિવાયની મિલ્કતો અંગે અગાઉ કરવામાં આવેલ તા. 29/03/2012 નાં રોજનાં કરારદાદી હુકમનામા મુજબ
3. નકારમાં
4. તા. 29/03/2012 નાં રોજનાં સમાધાનના આધારે થયેલ કરારદાદી હુકમનામા મુજબ
5. તા. 29/03/2012 નાં રોજનાં સમાધાનના આધારે થયેલ કરારદાદી હુકમનામા મુજબ
6. અંશતઃ હકારમાં
7. આખરી હુકમ મુજબ

(7.) ઉપરોકત જવાબ માટેના મારા કારણો નીચે મુજબ છે.

**કારણો**

(8.) આ કામે વાદી તરફે રજુ થયેલ મૌખિક પુરાવો જોવામાં આવે તો વાદીનાં કુલમુખત્યાર શ્રી પ્રુથ્વીસિંહ રણજીતસિંહ રાઉલજીનાઓને આંક- 132 થી સોગંદ ઉપર તપાસવામાં આવેલ છે. જેમાં તેમણે તેમની દાવા અરજીની હકીકતોને સોગંદ ઉપર દોહરાવી રજુ કરેલ દસ્તાવેજોને આંક આપવા અરજ કરેલ છે અને જણાવેલ છે કે, આ દાવાનાં વાદી કનુબેન ઇન્દ્રસિંહ છે. જે મારા સારુ થાય છે. કનુબેન એ દાવાનાં કામે મને કુલમુખત્યાર પત્ર લખી આપેલ છે. તેની ફોટોકોપી દાવામાં રજુ કરેલ છે. અસલ કુ.મુ. પત્ર આજે લાવેલ નથી. આવતી મુદતે લેતો આવીશ. પ્રતિવાદી નં. 1 પ્રભાતબા ઉદેસિંહ વાદીનાં કાકી

થાય છે. વાદીનાં દાદા અને પ્રતિવાદી નં. 1 નાં સસરા ઇશ્વરસિંહ ખુશાલસિંહ હતા. ઇશ્વરસિંહ ખુશાલસિંહનાં બે દીકરા હતા. તેમાં એક ઉદેસિંહ હતું. જે પ્રતિવાદી નં. 1 નાં પતિ થતા હતા. ઉદેસિંહ ગુજરી ગયા છે. ઇશ્વરસિંહનાં બીજા દીકરા ઇન્દ્રસિંહ હતા. જેમનાં પત્નીનું નામ ચંદાબા હતું. ઇન્દ્રસિંહને ચંદાબાથી બે દીકરાઓ થયેલ હતી. 1.) કનુબા જે આ દાવાનાં વાદી છે અને બીજા દીકરી મનહરબા હતા. જેઓ નિ:સંતાન ગુજરી ગયેલ છે. વાદણ કનુબેનની ઉમર 60 વર્ષની હશે. આ દાવો કરવા જુબાની આપવા વાદીએ મને પાવર ઓફ એટર્ની આપેલ છે. તે કુલમુખત્યારનામાની ઝેરોક્ષ કોપી નિ. 108/73 થી રજુ છે. તેની અસલ હું સાથે લાવેલ છું જે રજુ આંક-134. ઇન્દ્રસિંહ ઇશ્વરસિંહ - વાદણનાં પિતા સને 1945 માં ગુજરી ગયા હતા. તેઓ ગુજરી ગયા ત્યારે તેમના વારસોમાં વાદી કનુબા, દીકરી મનહરબા અને પત્ની ચંદાબા હતા. ઇન્દ્રસિંહ ગુજરી ગયા ત્યારે ઇન્દ્રસિંહનાં પિતા અને વાદણનાં દાદા હયાત હતા. ચંદાબા સને 1987 માં ગુજરી ગયેલા છે. તે વખતે વાદણનાં દાદા હયાત હતા. ચંદાબાને વારસોમાં વાદી કનુબા અને બીજા દીકરી મનહરબા કરીને હતા. ચંદાબા ગુજરી ગયા ત્યારે પ્રતિ નં. 1 નાં પતિ તેમજ વાદણનાં સગા કાકા હયાત હતા. ચંદાબા ગુજરી ગયા ત્યારે વાદી કનુબા અને બીજા દીકરી મનહરબા બંને સગીર હતા. વાદણ કનુબેન અને મનહરબેનને તેમના મોસાળ તરફથી જમીન અને મિલ્કતો વારસામાં મળેલી. તેમને મોસાળ તરફથી જે મિલ્કતો મળેલી. તે દાવા અરજીમાં શીડયુલ-અ સાથે સામેલ છે. વાદણ અને તેમના બેન સગીર હોય તેમની મોસાળ તરફથી મળેલ શીડયુલ-અ વાળી મિલ્કતનો વહીવટ પ્રતિ નં. 1 નાં પતિએ સંભાળેલ હતો. ઉદેસિંહભાઇએ આ વહીવટ કર્તા હોવાથી અને વાલી હોવાથી કરેલો અને તેણીને ઉદેસિંહભાઇનું નામ વાલી અને ટ્રસ્ટી તરીકે સરકારી દફતરે નોંધ નં. 3366 તા. 20/04/47 થી ના રોજ દાખલ થયેલ. ઉદેસિંહભાઇના વહીવટ તેઓ જીવીત રહયા ત્યાં સુધી ટ્રસ્ટી તરીકે સંભાળેલો. ઉદેસિંહનાં ગુજરી ગયા બાદ તેમના પત્ની પ્રતિ નં. 1 એ તેનો વહીવટ કબજો સંભાળેલો અને પ્રતિ નં. 1 નોકરો મારફતે ખેતી કરાવતા હતા. પ્ર.વાદીનાં દાદા પણ વૃધ્ધ હોય તેમની મિલ્કતનો વહીવટ ઉદેસિંહ પ્રતિ નં. 1 નાં પતિ કરતા હતા અને પ્રતિ નં 1 નાં પતિનું અવસાન થયા બાદ આ વહીવટ પ્રતિ નં. 1 સંભાળતા હતા અને આજદીન સુધી આ વહીવટ કબજો પ્રભાતબા પાસે છે. આ મિલ્કતની વર્ષોવર્ષની આવક પ્રભાતબા મેળવે છે. વાદીને તેમના કાકા ઉદેસિંહ ઉપર પિતાતુલ્ય વહાલ હતું. ઉદેસિંહએ કનુબાનાં લગ્ન નવાપુરા નિકોલીમાં ઉમંગસીંહ સાથે કરાવેલા.

મનહરબાનાં લગ્ન પણ ઉદેસિંહભાઇએ ગામ બાહી તા. સેહરાનાં ગણપતસિંહ ઉદેસિંહ સાથે કરાવેલા. વાદી અને તેમનાં બેનનું લગ્ન થઇ ગયા બાદ પણ શીડયુલ-અ વાળી મિલ્કતનો વહીવટ વાલી અને ટ્રસ્ટી તરીકે ઉદેસિંહભાઇ કરતા હતા. મનહરબા નિઃસંતાન ગુજરી ગયેલ છે. વાદીને જે મિલ્કત તેમના દાદા તરફથી જે મિલ્કત મળે તે મિલ્કતો શીડયુલ બ અને ક માં દર્શાવેલ છે. આ મિલ્કતોમાં ધર, મકાન, વાડો અને ખેતીની જમીન છે. વાદણનાં દાદા ઇશ્વરસિંહ ખુશાલસિંહ 1958 ની સાલમાં ગુજરી ગયા છે. ઇશ્વરસિંહ 1958 માં ગુજરી ગયા ત્યારે તેમના વારસોમાં ઉદેસિંહ ઇશ્વરસિંહ. પ્રભાતબા ઉદેસિંહ તથા કનુબા અને મનહરબા હતા. શીડયુલ બ અને ક ની મિલ્કતોની વહેંચણી પક્ષકારો વચ્ચે થયેલ નથી. ઇશ્વરસિંહની મિલ્કતો શીડયુલ - બ અને  ક માં દર્શાવી છે. તે તેમના વારસોની બધાની સંયુકત માલિકીની ગણાય અને દરેક વારસોનો તેમાં હીસ્સો છે. કાયદેસર હકક છે. શીડયુલ અ-બ-ક માં જણાવેલ મિલ્કતો દાવાવાળી મિલ્કતો છે. વાદી સાસરે ગયા બાદ પ્રસંગોપાત અવારનવાર પિયરમાં આવતા હતા અને કાકાનાં ત્યાં રહેતા હતા અને કાકા તેમને રીવાજ મુજબ કપડા-લતા આપતા હતા. ઉદેસિંહભાઇ સંયુકત કુટુંબનાં કર્તા તરીકે દાવાવાળી મિલ્કતનો વહીવટ કરતા હતા. ઉદેસિંહ 1991 માં ગુજરી ગયેલ છે. ત્યારે વાદણ ક્રીયાકાંડ માટે ઝનોર ગામે આવેલા.ઉદેસિંહ ગુજરી ગયા ત્યારે પ્રભાતબા મોટી ઉમરનાં હતા. ઉદેસિંહભાઇનાં મરણ બાદ વાદણે આવીને પ્રભાતબા સાથે મિલ્કતો અંગે ચર્ચા કરેલી અને એવુ નકકી થયેલું કે ઉદેસિંહભાઇનું નામ કમી કરાવવું અને વાદણ તેમજ બીજા વારસોનાં નામ દાખલ કરાવવા ચર્ચા થયેલી. ત્યારે પ્રભાતબાએ એવુ કહેલ કે શીડયુલ - બ અને ક વાળી મિલ્કતમાં લાગતુ ઉપજતું નથી. આ મિલ્કતો વડીલોપાર્જીત હતી. ત્યારે વાદણને ખબર પડી કે એટલે કે સને 1991 માં વાદણને સૌ પ્રથમ ખબર પડી કે ઇશ્વરસિંહ ખુશાલસિંહની મિલ્કતોમાં ફકત ઉદેસીંહભાઇનું નામ ચઢેલ હતું અને વાદી તેમજ બીજા વારસોનું નામ દાખલ થયેલ ન હતું. આમ, સને 1991 માં બધી મિલ્કતોમાં ફકત ઉદેસિંહભાઇનું નામ ચાલતુ હતું. ઉદેસિંહભાઇનાં ગુજરી ગયા બાદ તે બધી મિલ્કતો સરકારી રેકર્ડમાં પ્રતિ નં. 1 નાં નામે દાખલ થયેલી. તે અંગેની નોંધ 9848 તા. 10/4/91 ના રોજ થયેલ છે. વાદણે તેના કુલમુખત્યાર મારફતે તલાટી રુબરુ લીધેલો. તેથી તકરારી કેસ દાખલ કરી પેપર્સ મામલતદાર સમક્ષ મોકલેલા. મામલતદાર શ્રીએ અમારો વાંધો ગ્રાહય ન રાખી એન્ટ્રી સર્ટીફાઇડ કરેલી. તે સામે અમે પ્રાંત ઓફીસર સમક્ષ અપીલ કરેલી. તે અપીલ હજુ પેન્ડીંગ છે. વાદણે સને 1991 ની સાલમાં એન્ટ્રીની નકલો

મેળવેલી. શીડયુલ– ક માં જણાવેલ મિલ્કતો પૈકી નં. 79 / 2 /2 2 એકર – 10 ગુંઠા જમીન ઉદેસિંહએ પ્રતિ નં. 5,6 ને વેચાણ આપેલી. સર્વે નં. 376/1 વાળી 2 એકર અને 376/2 વાળી 2 એક જમીનો પ્રતિ નં. 4 ને વેચાણ આપેલી. સર્વે નં. 220/2 + 3 બ્લોક નં. 551 વાળી જમીન પ્રતિ નં. 2, 3 ને વેચાણ આપેલી અને રૂ. 52205/- તેની કિંમત પોતાની પાસે રાખેલ. શીડયુલ – ક વાળી મિલ્કતો વેચવામાં વાદીએ સંમતિ આપેલ હોય કે વાદીની જાણમાં હોય તેવું બન્યુ નથી. શીડયુલ– ક માં જણાવેલ બ્લોક નં. 851 અને 789 ની જમીન એન.ટી.પી.સી માટે સંપાદન થયેલ છે. બ્લોક નં. 851 ની વળતરની રકમ રૂ. 7082/- અને 789 ની વળતરની રકમ રૂ. 55012/- મળેલી. તે પણ ઉદેસિંહ એ લઇ લીધેલી છે. આ પૈસા રાખવા વાદણે સંમતિ આપેલ નથી. તેમાંની કોઇપણ રકમ ઉદેસિંહએ વાદણને આપી નથી. વાદણને આ બધી હકીકતોની ખબર પડતાં તેમનાં કુ.મુ. મરફતે તકરારી કેસમાં મામલતદારને અરજી કરેલી અને તેમાં વાંધા લીધેલા અને વાદણનું નામ દાખલ કરવા માંગણી કરેલી. મામલતદાર શ્રીએ વાદીનો દાવો નામંજુર કરી 24-9-91 નાં રોજ હુકમ કરેલો. તેની સામે વાદીએ પ્રાંત ઓફીસર સમક્ષ અપીલ કરેલી. જે પેન્ડીંગ છે. પ્રતિ નં.1 નાં કુ.મુ. શ્રી સુરેન્દ્રસિંહ બળવંતસિંહનાં પિતાએ શીડયુલ– ક માં જણાવેલ મિલ્કતો પૈકીની કેટલીક મિલ્કતો ખરીદ કરેલ છે. પ્રતિ નં. 4 બળવંતસિંહ બાપુસિંહ, પ્રતિ નં. 5 પ્રભાતસિંહ રામસીંગ છાસટીયા અને પ્રતિ નં. 6 ઉમંગસિંહ પ્રભાતસિંહનાં વારસો એ ઉદેસિંહનાં નજીકનાં સગાઓ થાય છે. ઉદેસિંહભાઇએ અમારો હકક હોવા છતાં તેમનું નામ દાખલ કર્યુ અને વાદીનો હકક ડુબાડવા પ્રયાસ કર્યો અને ખોટી એન્ટ્રીનો ગેરલાભ લીધો. તેની વાદીનાં કુ.મુ. મારફતે નોટીસ મોકલાવેલી. તે નોટીસ પ્રતિવાદીને મળેલ છે. આ નોટીસમાં વાદીનો હીસ્સો ચુકવી આપવાની માંગણી કરેલી છે અને નોટીસમાં જણાવેલ રકમોમાંથી પણ અડધી રકમની માંગણી કરેલી છે. તેમજ કાયદેસરનાં વિભાજનની માંગણી કરેલી છે. પ્રતિવાદીએ નોટીસમાં જવાબમાં વાદીનું કંઇ લાગતુ વળગતું નથી. તે જણાવેલ અને હીસ્સો આપેલ નથી. વાદી અને પ્રતિવાદી વચ્ચે ગામનાં આગેવાનોને વચ્ચે રાખી સને 1992 માં સમાધાનનાં પ્રયાસો કરેલા. સમાધાન વખતે પ્રતિ નં. 1 તરફથી શીડયુલ બ અને ક વાળી મિલ્કતોમાંથી વાદીનાં હીસ્સા પેટે ઉચ્ચક રૂ. 2,500/- આપવા સંમતિ દર્શાવેલી અને મિલ્કતનો ભાગ આપવા ના પાડેલી. તે વખતે સમાધાન શકય બનેલુ નહીં

આર.ટી.એસ. નાં પ્રોસીડીંગ્સ વખતે સમાધાન માટે ભેગા થતા પ્રતિવાદીએ રૂ. 25,000/- આપવા જણાવેલું. આ સમાધાનની ચર્ચા 1992 માં થયેલી. શીડયુલ – બ અને ક માં વાદીનો 50 ટકા છે અને શીડયુલ અ વાળી મિલ્કતમાં વાદીનો સંપુર્ણ હીસ્સો છે. પ્રતિવાદીએ કરેલ ઓફર વાદીએ ન સ્વીકારતા તેઓ છંછેડાઇ ગયેલા અને શીડયુલ – અ વાળી મિલ્કતોમાંથી પણ કંઇ ન આપવા કહેલું. તેથી આ દાવો કરેલો છે. દાવામાં વાદીની માંગ્યા મુજબની દાદ છે અને જે મિલ્કતો વેચાણ થયેલી છે. તે વેચાણ રદ કરવા માંગણી છે અને તેમાંથી અડધી મિલ્કતની વાદીની માંગણી છે. વિકલ્પે વેચાણ રદ ન થાય તો વેચાણ થયેલ કિંમતમાંથી અડધી રકમ વાદીને આપવા માંગણી છે. તેમજ દરમ્યાન ઉપજ મેળવવા પણ વાદીની માંગણી છે. જો પ્રતિવાદી એમ કહેતા હોય કે વાદીએ દાવાવાળી મિલ્કતોમાંથી હકક જતો કરેલ છે. તો તે ખોટુ છે. જો પ્રતિવાદી એક કહેતા હોય કે તેઓ વાદીની સંમતિથી દાવાવાળી મિલ્કતોનો ઉપભોગ કરતા હતા. તો તે વાત ખોટી છે. પ્રતિ નં. 1 વાદીનાં સગા કાકી થતાં હતા. પ્રતિ નં. 1 દાવા દરમ્યાન મરણ પામેલ છે. પ્રતિ નં. 1 નિઃસંતાન ગુજરી ગયેલ છે. પ્રતિ નં. 1 નાં મરણને કારણે પ્રતિ નં. 1 નાં એકમાત્ર વારસ વાદી છે. પ્રતિ નં. 1 નાએ પોતાની હયાતી દરમ્યાન કોઇ વીલ કરેલ નથી. પ્રતિ નં. 1 નાએ કર્યાનું કહેવાતુ કોઇ વીલ જો હોય તો તે ખોટુ છે. દાવાવાળી મિલ્કતો પ્રતિ નં. 1 ની વડીલાપાર્જીત મિલ્કતો હતી. તે તમામ મિલ્કતોમાં વાદીનો પણ હીસ્સો હતો અને આજે પણ છે. દાવાનાં પરિશિષ્ટ અ માં જણાવેલ મિલ્કતો વાદીની સ્વતંત્ર માલિકીની અને મોસાળ પક્ષ તરફથી મળેલી મિલ્કત છે. દાવાવાળી મિલ્કત પેકી કોઇપણ મિલ્કત વીલથી નિકાલ કરવાનો પ્રતિ નં. 1 ને કોઇ અધિકાર નથી. પ્રતિ નં. 4 મરહુમ બળવંતસિંહ ગુજરી ગયેલ છે અને તેઓ પ્રતિ નં. 1 નાં કાકા સસરાનાં દીકરા થતા હતા. પ્રતિ નં. 5 પ્રભાતસિંહ પણ પ્રતિ નં. 1 નાં કાકા સસરાનાં દીકરા થતા હતા. ઉમંગસિંહ પ્રતિ નં.5, પ્રભાતસિંહનાં દીકરા થતા હતા. પ્રતિ નં. 7 સુરેન્દ્રસિંહ મરહુમ પ્રતિ. બળવંતસિંહનાં દીકરા થાય છે. પ્રતિવાદી કનુબેન ગંભીરસિંહ પ્રતિ નં. 1 નાં ભાઇનાં પત્ની થાય છે. પરિશિષ્ટ – બ અને ક માં જણાવેલ મિલ્કતો બાકીનાં પ્રતિઓનાં નામે તબદીલ કરી દીધેલ છે. આ તબદીલોનાં વ્યવહારો માત્ર દેખાવ પુરતાં કરવામાં આવેલ છે. પ્રતિ નં. 7 કનુબેનને વાદી તથા પ્રતિ નં. 1 સાથે લોહીનો સંબંધ નથી. વાદીએ કોઇપણ

મિલ્કત પ્રતિ નં. 1 કે તેણીનાં પતિના નામે દાખલ કરાવવા કયારેય તલાટી રુબરુ જવાબો આપેલા નથી. બીજા કોઇનાં નામે મિલ્કત દાખલ કરવા લે.રે.કોડ કલમ–135 ડી ની નોટીસ વાદીને કયારેય બજાવવામાં આવી નથી. હાલ વાદણ મારી સાથે રહે છે. દાવાવાળી મિલ્કતો વારસાઇ હકકે મેળવવા વાદી હકકદાર છે. સદર મિલ્કત મેળવવા આ દાવો કરેલ છે અને દાવા મુજબ અમારી દાદ છે.

આ સાહેદની પ્રતિવાદી તરફે કરવામાં આવેલ ઉલટ–તપાસમાં તેઓએ જણાવેલ છે કે, આ કામનાં વાદી મારા સાસુ થાય છે. ઇશ્વરસિંહ વાદીનાં દાદા થતાં હતા. ઇશ્વરસિંહ તા. 3/3/58 નાં મરણ પામેલ છે. તેઓને ઉદેસિંહભાઇ તથા ઇન્દ્રસિંહભાઇ એમ બે દીકરા હતા. ઇન્દ્રસિંહભાઇ 1945 ની સાલમાં મરણ પામેલા. ઇન્દ્રસિંહની પત્નીનું નામ ચંદાબેન હતું તેઓ 1947 માં મરણ પામેલા. ઇન્દ્રસિંહ અને ચંદાબેનને સંતાનમાં બે દીકરીઓ હતી. તે પૈકી એક કનુબા હાલના વાદી છે અને બીજા મનહરબા છે. મનહરબા હતા. તેઓ વર્ષો પહેલા મરણ પામેલ છે. ઇશ્વરસિંહનાં પુત્ર ઉદેસિંહ વાદણ કનુબાનાં કાકા થાય છે. ઉદેસિંહ તા. 28/3/91 નાં રોજ મરણ પામેલ છે. ઉદેસિંહનાં પત્નીનું નામ પ્રભાતબા છે અને તે આ દાવાનાં પ્રતિ નં.1 હતા. તે મરણ પામેલ છે. વાદણ કનુબાનાં લગ્ન નવાપુરા નિકોલીનાં ઉમંગસિંહ બહાદુરસિંહ સાથે લગ્ન કરેલા. કનુબેન તથા ઉમંગસિંહનાં સંતાનમાં એક નીરુબેન તથા બીજા રંજનબેન છે. નીરુબેન મારા પત્ની થાય છે. કનુબેને આ દાવો કરવા માટે મુખત્યારપત્ર મને આપેલ છે. વાદણ કનુબાનાં જન્મ કઇ સાલમાં થયેલો. તે હું કહૂ શકુ નહીં. મને નિ.19/1 બતાવવામાં આવે છે. તે વાદણનો શાળા છોડયાનો દાખલો છે. તેમાં કનુબાનો જન્મ તા. 9/9/1930 દર્શાવેલ છે. તે બરાબર છે. નિ. 19/1 ને દાખલ આંક–258 આપવામાં આવે છે. નિ. 19/2 મને બતાવવામાં તેમાં મનહરબા ઇન્દ્રસિંહની જન્મ તા. 16/8/1933 દર્શાવેલી છે. તે બરાબર છે. તે વાત ખરી છે કે, ઇશ્વરસિંહનાં મરણ બાદ પ્રતિ નં. 1 નાં પતિ ઉદેસિંહ ઇશ્વરસિંહ તા. 3/4/58 નાં રોજ પરિશિષ્ટ બ અને ક વાળી મિલ્કતોનાં એકલા માલિક છે. તેવી ફેરફાર નોંધ નં. 4389 થી કરાવેલ છે. તે વાત ખરી છે કે ઉદેસિંહ ઇશ્વરસિંહ મરણ પામ્યા ત્યાં સુધી પરિશિષ્ટ બ અને ક વાળી મિલ્કતોનાં માલિક અને કબજેદાર તરીકે ફકત ઉદેસિંહનું નામ ચાલતુ હતું. અને તે મિલ્કતોનું મહેસુલ તથા વેરો ઉદેસિંહ ભરતા હતા. ઉદેસિંહ ઇશ્વરસિંહનાં મરણ બાદ પરિશિષ્ટ બ અને ક વાળી મિલ્કતોમાં તેઓનાં પત્ની પ્રભાતબાનું નામ દાખલ થયેલું. તેનો અમોએ વિરોધ કરેલો. ફેરફાર નોંધ નં. 4389 થી પરિશિષ્ટ બ અને ક વાળી

મિલ્કત ઉંદેસિંહ ઇશ્વરસિંહનાં નામે દાખલ થયેલી. તેની સામે કનુબાએ આર.ટી.એસ. અરજી મામલતદાર સમક્ષ કરેલી. જે અરજી રદ થયેલી. મામલતદારનાં હુકમ સામે અમોએ નાયબ કલેકટર સમક્ષ આર.ટી.એસ. અપીલ દાખલ કરેલી. હું તલાટી તરીકે ફરજ બજાવતો હતો. તેથી હું જમીન મહેસુલનો કાયદો અને કાયદા હેઠળની પ્રક્રીયાનું પ્રાથમીક જ્ઞાન ધરાવુ છું. મામલતદારશ્રીનાં હુકમ સામે પ્રાન્ત ઓફીસર સમક્ષ કનુબાએ કરેલ આર.ટી.એસ અપીલ હાલ પેન્ડીંગ છે. તે દર્શાવતો પુરાવો હું આવતી તારીખે રજુ કરીશ. હવે કહુ છુ કે પ્રાન્ત ઓફીસર કનુબા સામે કરેલ હુકમ વિરુધ્ધ અમે કલેકટર સમક્ષ રીવીઝન અરજી ક્રમાંક હકપ / રીવી. અરજી નં. 23/93/ વશી 1207 કરેલી. રીવીઝન અરજી કલેકટરે નામંજુર કરેલી છે. પરિશિષ્ટ બ અને ક વાળાનું ઉત્પન ઉંદેસિંહ ઇશ્વરસિંહ જીવીયા ત્યાં સુધી તેઓ લેતા હતા. તેમના મરણ બાદ પ્રતિ નં. 1 પ્રભાતબા લેતા હતા. પ્રતિ નં. 1 ને કોઇ સંતાન નથી. વાદણનાં બેન કનુબા હતા. તેઓ નિઃર્વંશ ગુજરી ગયેલા છે. ફેરફાર નોંધ નં. 4389 પાડવામાં આવી ત્યારે ઉંદેસિંહ અને પ્રભાતબા પરણેલા અને પુખ્ત હતા. પરિશિષ્ટ અ વાળી મિલ્કત વાદણની માતા ચંદાબેનને મોસાળ તરફથી પ્રાપ્ત થયેલી. તે વાત ખરી નથી કે ચંદાબેનને મોસાળ તરફથી મળેલ પરિશિષ્ટ અ વાળી મિલ્કતનો વહીવટ ઉંદેસિંહ કરતા હતા. તેનું ઉત્પન કનુબાને આપતા હતા. તે વાત ખરી નથી કે પરિશિષ્ટ અ વાળી મિલ્કત પ્રતિ નં. 4 ને અડધા ભાગે ખેડવા આપેલી. તે વાત ખરી નથી કે કનુબાની સંમતિથી આ જમીનો ઉંદેસિંહ અડધા ભાગે ભાગે આપેલી. તે વાત ખરી નથી કે પરિશિષ્ટ અ નો અડધા ભાગનો ઉત્પન્ન કનુબા લઇ જતા હતા. પરિશિષ્ટ અ પૈકી સ.નં. 864 વાળી જમીન એમ.ટી.પી.સીએ સંપાદન કરેલ છે. તે વાત ખરી છે કે સંપાદનવાળી રકમ કનુબાએ મેળવેલી. પ્રતિ તરફે દાખલ થયેલ જવાબ વાંચેલ છે. પરિશિષ્ટ અ વાળી બાકી રહેલ જમીન પ્રતિ નં. 4 ગણોતીયા છે. તેવી તકરાર ઉઠાવેલ છે. તે હું જાણુ છું. પરિશિષ્ટ અ વાળી મિલ્કતનો કબજો હાલ કોની પાસે છે. તે હું હાલમાં જાણતો નથી. તે વાત ખરી છે કે સ.નં. 864 નું વળતર કનુબા લઇ ગયા છે. તેવી તકરાર પ્રતિ નં. 4 નાએ દાવા જવાબમાં લીધેલી છે. માણસનાં મરણ બાદ તલાટી કમ મંત્રી મરનારનાં વારસ પેઢીનામુ મરણ પંચનામુ કરે છે. તે વાત ખરી નથી કે ઉંદેસિંહ ઇશ્વરસિંહ મરણ પામ્યા ત્યાંથી કે એટલે કે તા. 28/3/91 ઉપરાંત એટલે 20 વર્ષ અગાઉથી પરિશિષ્ટ અ વાળી મિલ્કત અડધા ભાગે ખેડતા હતા. તે વાત ખરી નથી કે ઉપરનો અડધો ભાગ

કનુબાને આપતા હતા. તે વાત ખરી નથી કે ઉત્પન્નો અડધો ભાગ લેવા કનુબા ઝનોર અવારનવાર આવતા હતા. તે વાત ખરી છે કે પરિશિષ્ટ અ–બ–ક વાળી જમીનો ઝનોરમાં આવેલ છે. પ્રતિ નં. 4 તથા ઉદેસિંહ ઇશ્વરસિંહ ઝનોર ગામે રહેતા હતા. નવાપુરા નીકોલીન અને ઝનોર વચ્ચેનું અંતર 65 થી 70 કી.મી.નું છે. પરિશિષ્ટ બ અને ક વાળી મિલ્કતના માલિક ઉદેસિંહ ઇશ્વરસિંહ છે. તેવુ તા. 3/4/58 ફેરફાર નોંધ નં. 4389 થી જાહેર કરેલું. ઉદેસિંહ ઇશ્વરસિંહએ પોતાની હયાતી દરમ્યાન પરિશિષ્ટ બ અને ક વાળી મિલ્કતો પૈકી કેટલીક મિલ્કતો બાકીના પ્રતિ.ઓને વેચી દીધેલી. ફેરફાર નોંધ 4389 પડી ત્યારથી ઉદેસિંહ હયાત હતા ત્યાં સુધી કનુબા અવારનવાર ઝનોર આવતા હતા. સ.નં. 143/3 વાળી જમીન કનુબાએ અરવિંદ એજ્યુકેશન ટ્રસ્ટને 1980 ની સાલમાં વેચેલી. તે જમીન કનુબાનાં નામ ઉપર ચાલતી હતી. નિ. 19/4 જોઇને કહુ છું કે તે દસ્તાવેજ સ.નં. 376/1 પૈકી 376/2 પૈકી જમીન આ કામનાં પ્રતિ નં. 4 ને ઉદેસિંહ ઇશ્વરસિંહ વેચેલી. નિ. 19/4 ને મૌખિક સંમતિથી દાખલ આંક–259 આપવામાં આવે છે. નિ. 19/5 નાં દસ્તાવેજથી સ.નં. 143/3 વાળી મિલ્કત કનુબાએ માં અરવિંદ એજ્યુ.ટ્રસ્ટને વેચેલી. તેનો દસ્તાવેજની ઝેરોક્ષ નકલ રજુ છે. નિ. 19/5 ને મૌખિક સંમતિથી દાખલ આંક–260 આપવામાં આવે છે. આ દાવો કર્યો ત્યારે મને ખબર હતી કે 1958 ની સાલમાં કનુબા તથા મનહરબા પુખ્ત વર્ષનાં હતા. ફેરફાર નોંધ 4389 પડી ત્યારે કનુબા તથા મનહરબા સગીર હતા. તેવી નોંધ કરેલી. તે વાત ખરી નથી કે 1991 માં ઉદેસિંહ મરી ગયા બાદ ફેરફાર નોંધ 4389 ની નોંધ તેમનાં પીઠ પાછળ પડાવેલી. તેવુ હુ આ દાવો મુદતમાં લાવવા માટે ખોટુ કહુ છું તે વાત ખરી નથી કે કનુબા તથા મનહરબાના બાપને દેવુ હતુ. તે વાત ખરી નથી કે કનુબા તથા મનહરબાનાં પરણવાનો ખર્ચ ઉદેસિંહે કરેલો. તે વાત ખરી નથી કે તે કારણે કનુબા તથા મનહરબાએ ફેરફાર નોંધ 4389 ની તેઓની જાણમાં પડાવા દીધેલી. તે વાત ખરી નથી કે પરિશિષ્ટ બ અને ક વાળી મિલ્કતો વિરુધ્ધનાં કબજાથી ઉદેસિંહ માલિક થયેલ છે. તેવુ કનુબા જાણતા હતા. તે વાત ખરી નથી કે 1958 થી ઉદેસિંહ મરી ગયા ત્યાં સુધી પરિશિષ્ટ બ અને ક વાળી મિલ્કત પ્રત્યે માલિક તરીકે વર્તન કરેલું. એ વાત ખરી છે કે જે રકમ વાદણે પોતાની આગવી બ્લોક નં. 143/3 વાળી સ્વતંત્ર માલિકીની જમીન તા. 1/4/80 ના રોજ વેચાણ આપેલી. તેનાં નાણાં રૂ. 13,450/- જે ખરીદનાર અરવિંદ

વિદ્યામંદીર, ઝનોરે વાદણને આપેલા હતા. તે ઝનોર બેંકમાં ફીકસ્ડ ડીપોઝીટમાં મુકેલા. તે ફીકસ્ડ ડીપોઝીટની રકમ વાદણ અને વાદણનાં મરહુમ કાકા ઉદેસિંહનાં સંયુકત નામે મુકેલી હતી. વાદણનાં કાકા ગુજરી જતાં તે રકમ અમો લઇ ગયેલા. બ્લોક નં. 864 ની જમીનનાં એન.ટી.પી.સી.ની જે રકમ આવેલી. તે રકમ પણ અમે લઇ ગયેલા. તે રકમ શા માટે લઇ ગયેલા તેવા કારણસર પ્રતિ નં. 4 નાએ મારી સાથે ઝઘડો કરેલો. 1958 થી રેવન્યુ રેકર્ડમાં ઉદયસીંહનાં નામે એન્ટ્રી પડી ત્યારથી તેઓ તે મિલ્કતનો માલિક તરીકે ઉપયોગ કરે છે. પરંતુ મારા કહેવા પ્રમાણે તે સંયુકત માલિકીની મિલ્કત છે. એન્ટ્રી નં. 4389 છે અને તે એન્ટ્રી તા. 3/4/58 ના રોજ પડી છે. સને 1958 થી તે જમીન ઉપર પ્રત્યક્ષ કબજો ઉદયસિંહનો હતો અને તેનું જમીન મહેસુલ વગેરે તેઓ ભરે છે. તે એન્ટ્રી વિરુધ્ધ 30 વર્ષ સુધી મારા સાસુ અને તેમના બેને કોઇ વાંધો લીધેલો નહી. એ વાત ખરી નથી કે ઝનોર ગામની જમીનોની કિંમત વધતા મેં મારી સાસુ પાસે હાલનો ખોટો દાવો કરાવેલ છે. હું રેવન્યુ ડીપાર્ટમેન્ટમાં તલાટી તરીકે નોકરી કરતો હતો.

(9.) વાદી તરફે સાહેદ શ્રી નરેન્દ્રસિંહ રણજીતસિંહ રાઓલજીએ તેમની આંક–332 ની જુબાનીમાં સરતપાસમાં એવી હકીકત જણાવેલ છે કે, અમો અને વડવાઓ સને 1954 ના અરસાથી મારા માતાનાં મોસાળમાં કોઇ પુરુષ વારસદાર ન હોવાથી ઝણોર મુકામે સતત વતન બનાવી રહેતા આવ્યા છીએ અને રહીએ છીએ. આ કામનાં પક્ષકારોને અમો એક જ ગામના અને એક જ જ્ઞાતિનાં હોઇ ઓળખીએ છીએ. અમારા ગામનાં મરહુમ ઇશ્વરસિંહ ખુશાલસિંહ છાસટીયાને હું જાણું છું. તેમને સંતાનમાં બે દીકરા નામે મોટા ઇન્દ્રસિંહ અને નાના ઉદેસિંહ હતા. મોટા દીકરા ઇન્દ્રસિંહનાં લગ્ન ઝણોરનાં મરહુમ ચંદાબા સાથે થયેલા અને આ બંનેનાં લગ્ન જીવનથી વસ્તારમાં બે દીકરીઓ નામે કનુબા અને મનહરબા હતા. કનુબાને રાજપીપળા તાલુકાનાં નવાપરા ગામે સાથે પરણાવેલા અને નાના મનહરબાને બાહી મુકામે પરણાવેલ હતા. જેઓ નિસંતાન ગુજરી ગયેલા છે. નાના દીકરા ઉદેસિંહનાં લગ્ન ઝણોર મુકામે પ્રભાતબા સાથે થયેલા અને તેઓને કોઇ જ વસ્તાર ન હતો. તે બંને નિઃસંતાન ગુજરી ગયેલા છે. મરહુમ ઇન્દ્રસિંહ ઇશ્વરસિંહ છાસટીયા તેમના પિતા મરહુમ ઇશ્વરસિંહ ખુશાલસિંહ છાસટીયાની હયાતીમાં જ તેમના પત્ની ચંદાબા અને બે દીકરીઓ કનુબા અને મનહરબાને અને પિતા ઇશ્વરસિંહ ખુશાલસિંહ છાસટીયા અને તેમના નાના ભાઇ ઉદેસિંહ અને તેમના પત્ની પ્રભાતબાને મુકીને ગુજરી ગયેલા અને બે વર્ષ બાદ

તેમના પત્ની ચંદાબા પણ તેમના સસરાની હયાતીમાં જ ગુજરી ગયેલા છે. મરહુમ ઇશ્વરસિંહ ખુશાલસિંહ છાસટીયાને વારસાઇમાં મળેલ મિલ્કતો ઝણોર મુકામે જમીનો અને મકાન છે. જે જમીનો અને મકાન મરહુમ ઇશ્વરસિંહ ખુશાલસિંહ છાસટીયાના વડવાઓનાં સમયનાં હતા અને તે તમામ મિલ્કતો વડીલોપાર્જીત છે. તે મિલ્કતો પૈકી કોઇ જ મિલ્કતો તેમના બંને દીકરાઓએ વસાવેલ ન હતી કે નથી. મરહુમ ઇશ્વરસિંહ ખુશાલસિંહ છાસટીયા અને તેમના પત્ની ગુજરી ગયા તે સમયે તમામ મિલ્કતો વણ વહેંચાયેલી મરહુમ ઇશ્વરસિંહ ખુશાલસિંહ છાસટીયાનાં નામે જ ચાલતી હતી અને મરહુમ ઇશ્વરસિંહ ખુશાલસિંહ છાસટીયા વયોવુધ્ધ હોવાનાં કારણે તેમના નાના દીકરા ઉદેસિંહ તમામ મિલ્કતોનો વહીવટ કરતા હતા અને મરહુમ ઇશ્વરસિંહ ખુશાલસિંહ છાસટીયા પણ ત્યારબાદ મિલ્કતોની કકડાવાર વહેંચણી કર્યા સિવાય તેમની પાછળ તેમના દીકરા ઉદેસિંહ અને તેમના મરહુમ દીકરા ઇન્દ્રસિંહની બે દીકરીઓ નામે કનુબા અને મનહરબાને મુકી ગુજરી ગયેલા છે. ત્યારબાદ મરહુમ ઉદેસિંહ પણ તેમની પાછળ તેમના પત્ની પ્રભાતબા અને ભત્રીજી મોટાભાઇ ઇન્દ્રસિંહની દીકરી નામે કનુબાને મુકી ગુજરી ગયા છે અને મનહરબા તે અગાઉ નિસંતાન ગુજરી ગયેલા છે. આમ, મરહુમ ઇશ્વરસિંહ ખુશાલસિંહ છાસટીયા ની પેઢીમાં એકમાત્ર વારસ તેમના મોટા દીકરા ઇન્દ્રસિંહનાં એકમાત્ર દીકરી કનુબા કે જે આ કામનાં વાદીયણ છે. તેઓ એકલા જ હયાત છે. જેમને પણ વસ્તારમાં બે દીકરીઓ નામ કે જેઓ નવીધરી મુકામે પ્રુથ્વીસિંહ રાઓલજી સાથે પરણાવેલા છે અને બીજી દીકરી કે જેઓને વહીયાર તા.વાધરા મુકામે સાથે પરણાવેલા છે. આ કામનાં પ્રતિવાદી કનુબા ગંભીરસિંહ રાજ એ મરહુમ ઇશ્વરસિંહ ખુશાલસિંહ છાસટીયાનાં નાના દીકરા ઉદેસિંહનાં સાસરી પક્ષનાં તેમના સાળા ગંભીરસિંહનાં વિધવા પત્ની છે. જેમને મરહુક ઇશ્વરસિંહ ખુશાલસિંહ છાસટીયાની પેઢી સાથે લોહીનો કોઇ જ સંબંધ નથી કે મરહુમ ઇશ્વરસિંહ ખુશાલસિંહ છાસટીયા ની સીધી લીટીના કે આડી લીટીના કોઇ જ વારસમાં કે સંબંધમાં આવતા નથી. આ કામનાં મુળ પ્રતિવાદી મરહુમ ઇશ્વરસિંહ ખુશાલસિંહ છાસટીયાના નાના દીકરા ઉદેસિંહનાં વિધવા પત્ની પ્રભાતબા હતા. જેઓ ધણા લાંબા સમયથી લકવાગ્રસ્ત હતા અને તેઓ ફકત સહી કરી જાણતા હતા અને તેઓને લખતા વાંચતા આવડતુ ન હતું. તે હકીકત અમો એક જ ગામના અને એક જ જ્ઞાતિનાં અને અમો ઝાણોર મુકામે 10 થી 12 વર્ષથી પોલીસ પટેલ તરીકે સેવા બજાવેલ હોવાનાં કારણે સારી રીતે જાણીએ છીએ. તેમજ પ્રભાતબા દાવા અગાઉ બે ત્રણ વરસથી તેઓ સતત બીમાર રહેતા હતા. તેમજ તેઓ ગુજરી ગયા ત્યાં સુધી બીમાર અને પથારીવશ હતા. તેમની તબીયત બિલ્કુલ સારી રહેતી ન હતી

અને તેઓ સારુ નરસુ સમજવા કાબેલ ન હતા.

આ સાહેદની પ્રતિવાદી તરફે કરવામાં આવેલ ઉલટ-તપાસમાં તેઓએ જણાવેલ છે કે, પ્રુથ્વીસિંહ રાઉલજી મારા સગા થતા નથી. પરંતુ મારા જ્ઞાતિનાં થાય છે. આ જુબાની આપવાનું તેઓએ કીધેલુ નથી. આ જુબાની આપવા મને કોઇએ કહેલુ નથી. મારી સ્વેચ્છાથી જુબાની આપવા આવેલો. દાવો ચાલે છે. તેની મને ધણા સમયથી ખબર છે. દાવામાં મિલ્કત મેળવવાની માંગણી કરેલી છે. આ દાવામાં સમાધાન થયાની મને ખબર નથી. જમીન અને મકાનવાળી મિલ્કત માંગવાનો દાવો થયેલ છે. આ દાવો પહેલા કોની સામે થયો તેની મને ખબર નથી. હવે માત્ર એક જમીન સિવાય બધી જમીન અને મકાનમાં સમાધાન થયાની મને ખબર નથી. મારુ ધર નીકોટમાં પણ છે. મારી પત્ની અને દીકરી નીકોરા રહે છે. હું પણ ત્યાં સાથે રહુ છું. મરહુમ ઇશ્વરસિંહ છાસટીયાનાં પત્ની અને દીકરાઓ અંગે માહીતી ધરાવુ છું. એ વાત ખરી છે કે ઇશ્વરસિંહનાં અવસાન બાદ બધી મિલ્કતમાં માલિક ઉદેસિંહ થયેલા. મને ખબર નથી કે ઉદેસિંહનાં ગુજરી ગયા બાદ બધી મિલ્કત તેઓનાં પ્રભાતબાના નામે થયેલી. પ્રભાતબાને કોઇ સંતાન ન હતું. પ્રભાતબાના ભાઇનું નામ ગંભીરસિંહ હોવાનું જાણુ છું. પ્રભાતબાના ગુજરી ગયા બાદ ગંભીરસિંહનાં નામે બધી મિલ્કત વીલથી કરવાનું નકકી કરેલું મને ખબર નથી કે પ્રભાતબાની હયાતીમાં ગંભીરસિંહ મરણ જતા પ્રભાતબાએ આ વીલ કનુબેન ગંભીરસિંહનાં નામે કરેલું. એ વાત ખરી છે કે કનુબેન ગંભીરસિંહ પ્રભાતબાનાં ભાઇનાં પત્ની થાય છે. મને ખબર નથી કે જનોળ ગામની સર્વે નં. 541 ગંભીરસિંહનાં નામે હતી. એ વાત ખરી નથી કે ઇશ્વરસિંહ છાસોટીયા ગુજરી જતાં સર્વે નં. 541 ની જમીન ઉદેસિંહનાં નામે થયેલી. એ વાત ખરી નથી કે પ્રભાતબાની તબીયત સારી છે. એ વાત ખરી નથી કે પ્રભાતબાને કોઇ રોગ ન હતો. એ વાત ખરી નથી કે પ્રભાતબા સારુ નરસુ બધુ સમજી શકતા. હું પ્રભાતબાના ધરે રહેતો ન હતો.

સવાલ- પ્રભાતબાની રોજબરોજ કામગીરીથી તમે વાકેફ નહી.

જ્વાબ- હું આવતા-જતા જોતો હતો.

હું 24 કલાક પ્રભાતબા સાથે ન હોઉ. તેથી 24 કલાક તેઓની કાર્યવાહીથી વાકેફ નથી. એ વાત ખરી નથી કે પ્રભાતબાની સારી તબીયત હોવા છતાં ખોટી જુબાની આપી છે.

(10.) આ કામે પ્રતિવાદી તરફે રજુ થયેલ મૌખિક પુરાવો ધ્યાને લઇએ તો પ્રતિવાદી નં. 1 કનુબેન ગંભીરસિંહ રાજનાઓએ તેમની આંક-416 ની

સરતપાસમાં જણાવેલ છે કે, વાદીએ કરેલો દાવો તદન ખોટો અને ઉપજાવી કાઢેલો છે. તેમજ કારણ વગરનો હોય પ્રથમ તબકકે રદ થવાને પાત્ર છે. વાદીના કહેવા મુજબ દાવાનું કારણ 1958 ની સાલથી દર્શાવેલ છે અને તેથી સદર દાવો સમયમર્યાદાનાં કારણસર ટકી શકે તેમ ના હોય રદ કરશોજી. શ્રી ઇશ્વરસિંહ ખુશાલસિંહ છાસટીયા ગુજરી ગયા છે. તેમના સીધી લીટીનાં બે વારસદારોમાં ઉદેસિહ ઇશ્વરસિંહ તથા ઇન્દ્રસિંહ ઇશ્વરસિંહ. મજકુર ઉદેસિંહનાં પત્ની પ્રભાતબા જે પ્રતિવાદી નં. 1 હતા. પ્રભાતબા ઉદેસિંહને સીધી લીટીના કોઇ વારસદારો ન હતા. તેમના આડી લીટીના વારસદારોમાં તેમના ભાઇ ગંભીરસિંહ ઇશ્વરસિંહ, માનસિંહ ઇશ્વરસિંહ તથા બહેન ગમાનબા. મજકુર ગંભીરસિંહ ઇશ્વરસિંહની પત્ની કનુબેન ગંભીરસિંહ જે હું પોતે છું. મરહુમ પ્રભાતબા એ ગુજરતા પહેલા વીલ કરેલું. આ વીલમાં તેઓએ તેમની મિલ્કત તેમના ભાઇ ગંભીરસિંહને આપવા ઠરાવેલું. પરંતુ તેમના ભાઇ ગંભીરસિંહ ઇશ્વરસિંહ પ્રભાતબાની હયાતીમાં જ ગુજરી જતા પ્રભાતબાએ ફરીથી તેઓનાં ભાભી અમો કનુબેન ગંભીરસિંહની વિધવાના નામે તા. 27/02/01 ના દિને વીલ યાને વસીયતનામુ કરી આપેલું. અમોએ તથા અમારા પતિ ગંભીરસિંહ મરહુમ પ્રભાતબાની ખુબ જ સેવા કરેલી અને તેમનું ભરણપોષણ પણ અમોએ જ કરેલું અને તેથી પ્રેમ અને લાગણીનાં કારણે અમારી તરફેણમાં વીલ કરી આપેલુ તથા સર્વે નં. 541 વાળી જમીનનો કબજો પણ અમોને સુપ્રત કરેલો અને ત્યારથી સદર જમીનનો કબજોભોગવટો પણ ધરાવીએ છીએ. અમારુ નામ વીલનાં આધારે દાખલ થાય તે માટે અમોએ મે. ભરુચનાં મામલતદાર સાહેબની કોર્ટમાં અરજી કરતા ગામ દફતરે ફેરફાર નોંધ નં. 1319 તા. 02/01/04 થી નોંધ થયેલી. તેની સામે વાંધા અરજી આવતા મામલતદાર સાહેબે તકરારી કેસ ચલાવેલો અને ફેરફાર નોંધ પ્રમાણીત કરેલી. જેનાથી નારાજ થઇ વાદીએ નાયબ કલકેટર કોર્ટમાં હકપ અપીલ નં. 6/05 કરેલી. વાદીની આ અપીલ પણ રદ કરેલી. જેની સામે વાદીએ કલેકટરશ્રી ભરુચ સમક્ષ હકપ અપીલ નં. 3/06 કરેલી. ક્લેકટર શ્રી ભરુચે પણ વાદીની અપીલ નામંજુર કરેલી. આમ, દાવા અરજી સાથે વાદીએ રજુ કરેલ શીડયુલ– બ માં જણાવેલ જુના રેવન્યુ સર્વે નં. 207/2 જેનો બ્લોક નં. 541 જેનું ક્ષેત્રફળ હે.આરે.ચો.મી. 1-50-75 માં અમારુ નામ રેવન્યુ દફતરે ચાલે છે અને તેનો કબજો ભોગવટો પણ ચાલી આવેલો છે. ક્નુબા ઇન્દ્રસિંહનો જન્મ તા. 09/09/30 ના રોજ થયેલો અને તેઓ 1948 માં પુખ્ત ઉમરનાં થઇ ગયેલા. તે જ રીતે મનુબા ઇન્દ્રસિંહ છાંસટીયાનો જન્મ તા.

16/08/33 ના રોજ થયેલો અને તેથી તેઓ 1951 માં પુખ્ત વયનાં થઇ ગયા હતા. દાવાવાળી જમીનની 7-12 ની નકલ નિ. 3/29 એટલે આંક–164 થી રજુ કરેલ છે. જેમાં મરહુમ ઉદેસિંહ ઇશ્વરસિંહનું નામ સંપુર્ણ માલિક તરીકે ચાલી આવેલું છે. ટુંકમાં દાવાવાળી પરિશિષ્ટ–બ માં જણાવેલી સર્વે નં. 541 વાળી જમીનમાં વાદીનો કોઇ હકક, હિત કે અધિકાર નથી. આમ, દાવાવાળી સદર જમીનમાં વાદીનો કાંઇપણ હકક, હિત કે અધિકાર નથી. સદર જમીનના અમો પ્રતિવાદી સંપુર્ણ માલિક, કબજેદાર, ભોગવટેદાર છીએ.

આ પ્રતિવાદીની વાદી તરફે કરવામાં આવેલી ઉલટ–તપાસમાં તેઓએ જણાવેલ છે કે, હું આજે ધમણાંત ગામેથી આવેલી છું. ગુજરનાર ગંભીરસિંહ મારા પતિ થતા હતા. મારે કુલ ત્રણ દીકરીઓ છે. આ સોગંદનામામાં શું લખેલુ છે. તે હાલ મને યાદ નથી. સાહેદ સ્વે.એ જણાવે છે કે તે પહેલાનું કરેલુ છે. મને ખબર નથી કે દાવાવાળો સર્વે નંબર કયો છે. એ વાત ખરી છે કે દાવાવાળી જમીન ઇશ્વરસિંહ ખુશાલસિંહ છાસટીયાની આવેલી હતી. એ વાત ખરી છે કે, ઇશ્વરસિંહ ખુશાલસિંહ છાસટીયાનાઓને બે દીકરા હતા. જેમાં એક ઉદેસિંહ અને બીજા ઇન્દ્રસિંહ હતા. પ્રભાતબા ઉદેસિંહનાં પત્ની થતા હતા. એ વાત ખરી છે કે ઇશ્વરસિંહ ખુશાલસિંહ છાસટીયા અને ઉદેસિંહ તથા ઇન્દ્રસિંહ ઇશ્વરસિંહ તથા પ્રભાતબા ગુજરી ગયેલા છે. એ વાત ખરી છે કે દાવાવાળી જમીન પ્રભાતબાનાં સાસરીપક્ષની જમીન આવેલી છે. એ વાત ખરી છે કે ઇન્દ્રસિંહ ઇશ્વરસિંહની બે દીકરીઓ છે. જેમાં એક કનુબેન ઇન્દ્રસિંહ અને બીજા રંજનબેન ઇન્દ્રસિંહ છે. એ વાત ખરી છે કે પ્રભાતબાને લકવો થયેલો હતો અને આખુ જમણુ અંગ લકવાગ્રસ્ત હતું એ વાત ખરી છે કે પ્રભાતબા ગુજરી ગયા ત્યારે તેઓને ભાન રહેતુ ન હતું. એ વાત ખરી નથી કે પ્રભાતબાએ મને કોઇ વીલ કરી આપેલ નહીં. એ વાત ખરી છે કે આ કહેવાતા વીલ બાબતે કોઇ સક્ષમ કોર્ટમાંથી આધાર કે હુકમ મેળવેલ નથી. એ વાત ખરી નથી કે પ્રભાતબાએ મને કોઇ કરી આપેલ ન હોય તેથી મેં કોઇ આધાર રજુ કરેલ નથી. એ વાત ખરી નથી કે દાવાવાળી જમીનનો કબજો અમોને સોંપેલ નથી. એ વાત ખરી નથી કે પરિશિષ્ટ બ વાળી જમીનમાં અમોને કોઇ હકક અધિકાર નથી. એ વાત ખરી નથી કે સર્વે નં. 541 વાળી જમીનમાં મને કોઇ હકક અધિકાર નથી. એ વાત ખરી નથી કે મારે કોઇ હકક અધિકાર ન હોવા છતાં ખોટુ સોગંદનામુ કરેલ છે. એ વાત ખરી નથી કે જમીનની લાલચમાં ખોટી જુબાની આપુ છું.

(11.) પ્રતિવાદી તરફે સાહેદ નરેન્દ્રકુમાર રમણલાલ પંડયાનાઓએ તેમની

આંક–423 થી જુબાનીમાં સરતપાસમાં જણાવેલ છે કે, અમો પ્રભાતબા ઉદેસિંહ ઇશ્વરસિંહ છાસટીયાની વિધવા કે જેઓ પણ ઝનોર તા. જી.ભરુચમાં રહેતા હતા. તેઓએ સૌ પ્રથમ વીલ યાને વસીયતનામુ તા. 13/04/1992 ના રોજ કરેલું. આ વીલ યાને વસીયતનામુ મહે. ભરુચના સબ રજીસ્ટ્રાર સાહેબની કચેરીમાં અનુ. નં. 1339 તા. 13/04/1992 થી નોંધવામાં આવેલું. સદરહુ વીલ કરેલ તે વખતે અમો તથા અમારા ગામનાં અમીરસિંહ બહેચરસિંહ રાજનાઓએ વીલમાં સાક્ષી તરીકે સહીઓ કરેલી છે. આ વીલ ચાર પાનનું ટાઇપ કરીને બનાવવામાં આવેલું. જેમાં દાવાવાળી સર્વે નં. 541 ની જમીન જે તેઓએ તેમના મરણ બાદ તેમના ભાઇ ગંભીરસિંહ ઇશ્વરસિંહ રાજને મળે તેમ ઠરાવેલું. તદઉપરાંત તેઓએ તેની અન્ય મિલ્કતો બાબતે પણ વીલ કરેલું હાલમાં અમારી જાણમાં આવેલ છે કે પ્રભાતબાએ સદર વીલમાં તેમની સર્વે નં. 541 સિવાય જેટલી પણ જમીન અને મિલ્કતો જણાવેલી. તે બાબતે પક્ષકારો વચ્ચે અંદરોઅંદર સમાધાન થઇ ગયેલ છે. સદર દાવાવાળી સર્વે નં. 541 ની જમીન જે ખેતીની જમીન છે અને તેનું ક્ષેત્રફળ 1-50-75 છે. તે વીલ મુજબ ગંભીરસિંહ ઇશ્વરસિંહ રાજને તેમના મરણ બાદ મળે તેમ ઠરાવેલું. આ વીલનાં પાન નં. 4 ઉપર પ્રથમ પ્રભાતબેન ઉદેસિંહ છાસટીયાએ સહી કરેલી અને સાક્ષી તરીકે પ્રથમ અમીરસિંહ બહેચરસિંહ રાજ એ સહી કરેલી અને બીજા સાક્ષી તરીકે અમો નરેન્દ્રકુમાર પંડયાએ સહી કરેલી. ક્નુબેન તે ગંભીરસિંહ રાજની વિધવા છે. આમ હવે દાવાવાળી જમીન મજકુર કનુબેન તે ગંભીરસિંહ રાજની વિધવાને મળે તેમ ઠરાવેલ છે.

આ સાહેદની વાદી તરફે કરવામાં આવેલ ઉલટ–તપાસમાં તેઓએ જણાવેલ છે કે, હું સીંચાઇ વિભાગમાં નોકરી કરતો હતો. મને હાલ યાદ નથી કે તા. 13/4/1992 મારી નોકરી ચાલુ હતી કે કેમ. હું તા. 30/09/2015 ના રોજ નિવુત થયો છું. એ વાત ખરી છે કે મે જે કહેવાતા વીલમાં સહી કરેલી. તેમાં દાવાવાળી જમીન કનુબેન ગંભીરસિંહ રાજની વિધવાને મળે તેવુ ઠરાવેલ હોય તેવી વિગત લખેલી ન હતી. હું ઝનોર ગામે રહુ છુ અને પ્રભાતબાને ઓળખુ છું. એ વાત ખરી છે કે પ્રભાતબાને લકવો થયેલો હતો. મને ખબર નથી કે તેઓ ગુજરી ગયા તેના પાંચ છ વર્ષ અગાઉથી લકવો હતો કે કેમ. એ વાત ખરી છે કે કહેવાતુ વીલ મેં સને 1992 પછી જોયેલુ નથી. એ વાત ખરી નથી કે તે વીલમાં શુ લખેલું. તે હાલ મને યાદ નથી. એ વાત ખરી છે કે પ્રભાતબા તેમના ઘરે જ રહેતા હતા અને કયાં બહાર જતા ન હતા અને 1992 માં પણ તેઓ ઘરની બહાર

ગયેલા નથી. એ વાત ખરી નથી કે પ્રભાતબાએ આવુ કોઇ વીલ કરેલ નથી અને આવા વીલમાં મેં સહી કરેલ જ નથી.

(12.) પ્રતિવાદી તરફે સાહેદ અમીરસિંહ બહેચરસિંહ રાજ આંક–424 ની સરતપાસમાં જણાવેલ છે કે, અમો પ્રભાતબા ઉદેસિંહ ઇશ્વરસિંહ છાસટીયાની વિધવા કે જેઓ પણ ઝનોર તા. જી.ભરુચમાં રહેતા હતા. તેઓ અમારા દુરનાં સંબંધી હતા. તેઓએ સૌ પ્રથમ વીલ યાને વસીયતનામુ તા. 13/04/1992 ના રોજ કરેલું. આ વીલ યાને વસીયતનામુ મહે. ભરુચના સબ રજીસ્ટ્રાર સાહેબની કચેરીમાં અનુ. નં. 1339 તા. 13/04/1992 થી નોંધવામાં આવેલું. સદરહુ વીલ કરેલ તે વખતે અમો તથા અમારા ગામનાં નરેન્દ્રકુમાર રમણલાલ પંડયાનાઓએ વીલમાં સાક્ષી તરીકે સહીઓ કરેલી છે. આ વીલ ચાર પાનનું ટાઇપ કરીને બનાવવામાં આવેલું. જેમાં દાવાવાળી સર્વે નં. 541 ની જમીન જે તેઓએ તેમના મરણ બાદ તેમના ભાઇ ગંભીરસિંહ ઇશ્વરસિંહ રાજને મળે તેમ ઠરાવેલું. તદઉપરાંત તેઓએ તેની અન્ય મિલ્કતો બાબતે પણ વીલ કરેલું હાલમાં અમારી જાણમાં આવેલ છે કે પ્રભાતબાએ સદર વીલમાં તેમની સર્વે નં. 541 સિવાય જેટલી પણ જમીન અને મિલ્કતો જણાવેલી. તે બાબતે પક્ષકારો વચ્ચે અંદરોઅંદર સમાધાન થઇ ગયેલ છે. સદર દાવાવાળી સર્વે નં. 541 ની જમીન જે ખેતીની જમીન છે અને તેનું ક્ષેત્રફળ 1-50-75 છે. તે વીલ મુજબ ગંભીરસિંહ ઇશ્વરસિંહ રાજને તેમના મરણ બાદ મળે તેમ ઠરાવેલું. આ વીલનાં પાન નં. 4 ઉપર પ્રથમ પ્રભાતબેન ઉદેસિંહ છાસટીયાએ સહી કરેલી અને સાક્ષી તરીકે પ્રથમ મેં સહી કરેલી અને બીજા સાક્ષી તરીકે નરેન્દ્રકુમાર પંડયાએ સહી કરેલી. પ્રભાતબેનનાં ભાઇ ગંભીરસિંહ ઇશ્વરસિંહ રાજ તા. 14/04/1994 ના રોજ ગુજરી ગયેલ અને તેથી મરહુમ પ્રભાતબા ઉદેસિંહ ઇશ્વરસિંહ છાસટીયાની વિધવાએ તા. 27/02/2001 નાં રોજ બીજુ વીલ યાને વસીયતનામુ કરેલુ. આ વીલ રુ. 50 નાં સ્ટેમ્પ પેપર ઉપર કરેલું. અને તે આગળ પાછલ બે પાનનું હતું સદર વીલનાં પાછલા પાને પ્રથમ વીલ કરનાર તરીકે પ્રભાતબા ઉદેસિંહ છાસટીયાએ સહી કરેલી અને પ્રથમ સાક્ષી તરીકે પ્રભાતસિંહ બહેચરસિંહ રાજએ સહી કરેલી તથા સાક્ષી તરીકે બીજી સહી મે કરેલી. અમારા ભાઇ પ્રભાતસિંહ બહેચરસિંહ રાજ લગભગ 8 વર્ષ પહેલા ગુજરી ગયેલ છે. સદર વીલ મુજબ તા. 13/04/1992 નાં વીલની જે મિલ્કત ગંભીરસિંહ ઇશ્વરસિંહ રાજને આપવા ઠરાવેલું. તે મિલ્કત ગંભીરસિંહ ઇશ્વરસિંહ રાજની વિધવા કનુબેન ગંભીરસિંહ રાજને મળે તેમ

વીલમાં ઠરાવેલ છે. આમ, દાવાવાળી સર્વે નં. 541 વાળી જમીન કનુબેન તે ગંભીરસિંહ રાજ પ્રતિવાદીને મળે તેમ વીલમાં ઠરાવેલ છે.

આ સાહેદની વાદી તરફે કરવામાં આવેલ ઉલટ-તપાસમાં તેઓએ જણાવેલ છે કે, મારી જન્મ તા. 19/5/1934 છે અને હું ઝનોર રહુ છું. મને ખબર નથી કે ઉદેસિંહ અને ઇન્દ્રસિંહ બંને ભાઇઓ થતા હતા. મને ખબર નથી કે ઇન્દ્રસિંહ ઇશ્વરસિંહને કનુબા કરીને દીકરી હતી કે કેમ. મને ખબર નથી કે ઇન્દ્રસિંહની દીકરી કનુબાને નવાપુરા પરણાવેલા કે કેમ. મને ખબર નથી કે કનુબાને નવાપુરા ઉમંગસિંહ સાથે પરણાવેલા કે કેમ અને તેઓને હાલનાં વાદીઓ નીરુબેન અને રંજનબેન એમના સંતાનો છે કે કેમ. મને ખબર નથી કે સર્વે નં 541 ની જમીન મુળ ઇશ્વરસિંહ ખુશાલસિંહની હતી કે કેમ. મને ખબર નથી કે સર્વે નં. 541 ની જમીન ઉદેસિંહ ઇશ્વરસિંહ અને ઇન્દ્રસિંહ ઇશ્વરસિંહની ભેગી હતી કે કેમ. મને ખબર નથી કે ઇશ્વરસિંહ ખુશાલસિંહનાં કોણ કોણ વારસો છે. એ વાત ખરી નથી કે પ્રભાતબા એ કુલ કેટલા વીલ કરેલા. તેની મને ખબર નથી. પ્રભાતબાએ ભરુચ મુકામે બે વીલ કરેલા અને તે બંને વીલમાં ભરુચ મુકામે મેં સહી કરેલી. મને ખબર નથી કે પ્રભાતબાને કયા ડોકટરની દવા ચાલતી હતી. મને ખબર નથી કે પ્રભાતબા કઇ તારીખે ગુજરી ગયેલ. મને ખબર નથી કે પ્રભાતબા ગુજરી ગયાનાં છ માસ અગાઉથી પથારી વશ હતા કે કેમ. એ વાત ખરી નથી કે પ્રભાતબાએ કોર્ટમાં કેસ ચાલે છે. તેમ જણાવીને ખોટી સહી લઇ લીધેલી. એ વાત ખરી નથી કે પ્રભાતબાએ કોઇ જગ્યાએ વીલ કરેલ નથી અને મેં કોઇ સહી કરેલી નથી. એ વાત ખરી નથી કે પ્રતિવાદીને મદદ કરવા માટે ખોટુ બોલુ છું.

**-::તારણો::-**

**<u>મુદા નં. 1, 4 અને 5</u>**

(13.) આ કામે વાદીએ તેમની દાવાઅરજી તથા વાદીનાં કુલમુખત્યારશ્રી પ્રુથ્વીસિંહ રણજીતસિંહ રાઉલજીનાઓએ તેમની આંક-132 ની જુબાનીમાં એવી હકીકત જણાવેલ છે કે, વાદીનાં દાદા અને પ્રતિવાદી નં. 1 નાં સસરા ઇશ્વરસિંહ ખુશાલસિંહ છાસટીયા હતા. જેઓને બે દીકરા હતા. જેમાં એકનું નામ ઉદેસિંહ અને બીજાનું નામ ઇન્દ્રસિંહ હતું. અને ઉદસિંહનાં લગ્ન પ્રભાતબા સાથે થયેલા અને તેમને કોઇ સંતાન ન હતા. અને ઉદેસિંહ ગુજરી ગયેલા છે. જ હકીકતનો

પ્રતિવાદીએ તેમના દાવા જવાબમાં સ્વીકાર કરેલ છે.

આમ, પક્ષકારો વચ્ચે નિર્વિવાદીત હકીકત એવી છે કે, ઇશ્વરસિંહ ખુશાલસિંહ છાસટીયાનાઓને બે દીકરા હતા. જેમાં મોટા દીકરાનું નામ ઇન્દ્રસિંહ ઇશ્વરસિંહ છાસટીયા હતું અને નાના દીકરાનું નામ ઉદેસિંહ ઇશ્વરસિંહ છાસટીયા હતું તથા ઉદેસિંહનાં લગ્ન પ્રભાતબા સાથે થયેલા હતા અને પ્રભાતબાને કોઇ સંતાન ન હતા અને પ્રથમ ઉદેસિંહ ગુજરી ગયેલા.

(14.) હાલનો દાવો ઇશ્વરસિંહ ખુશાલસિંહ છાસટીયાનાઓ ગુજરી ગયા બાદ તેઓનાં નામે આવેલ મિલ્કતની માલિકી બાબતે તકરાર થતાં દાખલ થયેલ છે. હાલનો દાવો ચાલતા દરમ્યાન પક્ષકારો વચ્ચે આંક-320 થી સમાધાન રજુ કરેલું અને તે મુજબ પક્ષકારો વચ્ચે દાવા સાથે રજુ કરેલ શીડયુલ અ મુજબની મિલ્કત તથા વળતરનાં રૂ. 31,047/- તથા સ.નં 79/2/2, 376/1, 376/2 તથા સ.નં. 220/2-3 બ્લોક નં. 551 વાળી મિલ્કત બાબતે સમાધાન થઇ જતાં, તે સમાધાન મુજબ હુકમનામું તા. 29/03/2012 નાં રોજ કરવામાં આવેલ. આથી મુદા નં. 1, મુદા નં. 4 અને મુદા નં. 5 અન્વયે હવે કોઇ નિર્ણય કરવાનો રહેતો નથી અને તે રીતે તે મુદ્દાઓનાં જવાબ તા. 29/03/2012 નાં રોજનાં સમાધાનના આધારે થયેલ કરારદાદી હુકમનામા મુજબ ઠરાવું છું.

**<u>મુદા નં. 2</u>**

(15.) આ મુદા અન્વયે જોઇએ તો તે દાવા સાથેનાં શીડયુલ બ અને ક માં જણાવેલ મિલ્કતોની માલિકી અન્વયેનો છે. અત્રે નોંધનીય છે કે, અગાઉનાં ફકરામાં જણાવેલ સમાધાન મુજબ પક્ષકારો વચ્ચે સદર શીડયુલ -બ ( રે.સ.નં. 207/2 નવો બ્લોક નં. 541 સિવાયની મિલ્કતો ) તથા શીડયુલ ક માં જણાવેલ મિલ્કતો બાબતે હવે કોઇ નિર્ણય કરવાનો રહેતો નથી. આમ, હવે આ દાવાનાં કામે માત્ર રે.સ.નં. 207 / 2 ( નવો બ્લોક નં. 541 ) ની જમીનનાં હકક અંગે નિર્ણય કરવાનું શેષ રહે છે. જે અંગે હવે પછીનાં ફકરાઓમાં ચર્ચા કરવામાં આવે છે.

વધુમાં, હાલનાં કામે વાદીએ આંક-136 થી 304 સુધીનાં રેવન્યુ રેકર્ડનાં તથા નોટીસ, પત્રો, પોસ્ટ ખાતાનાં વિગેરેનાં દસ્તાવેજો રજુ કરેલા છે. પરંતુ

હાલનો દાવો ફકત પરિશિષ્ટ શીડયુલ– બ માંની સર્વે નં. 207/2 બ્લોક નં. 541 વાળી મિલ્કત પુરતો જ ચાલુ હોય, તેથી તે તમામ દસ્તાવેજો ધ્યાને લેવાનાં રહેતા નથી. પરંતુ હાલનાં કામે ફકત આંક– 164 , 173, 174, 175, 206, 301, 302, 303 વાળા દસ્તાવેજો જ દાવાવાળી મિલ્કત પરિશિષ્ટ શીડયુલ– બ માંની સર્વે નં. 207/2 બ્લોક નં. 541 વાળી અંગેના હોય તે ધ્યાને લેવા પાત્ર રહે છે.

( 16. ) અગાઉ કરેલ ચર્ચા મુજબ સદર રે.સ.નં. 207/2 ની જમીન કે જેનો નવો બ્લોક નં. 541 છે. જેનું ક્ષેત્રફળ હે.આરે.ચો.મી. 1-50-75 તથા આકાર 18-44 છે. તે જમીન અગાઉ ઇશ્વરસિંહ ખુશાલસિંહ છાસટીયાની માલિકીની હતી. જે આ કામે વાદીએ રજુ કરેલ આંક–206 નાં દસ્તાવેજથી સ્પષ્ટ છે અને તે હકીકત બાબતે પક્ષકારો વચ્ચે કોઇ તકરાર નથી.

( 17. ) વધુમાં ઇશ્વરસિંહ ખુશાલસિંહ છાસટીયા ગુજરી ગયા બાદ તેઓનાં બે પુત્ર ઇન્દ્રસિંહ ઇશ્વરસિંહ છાસટીયા તથા ઉદેસિંહ ઇશ્વરસિંહ છાસટીયા એમ બે દીકરા હોવા છતાં રેવન્યુ રેકર્ડમાં માત્ર ઉદેસિંહનાં નામની નોંધ થયેલ છે. ઇન્દ્રસિંહ કે તેઓનાં વારસોની નોંધ કેમ કરવામાં આવેલ નહીં. તે અંગે રેવન્યુ રેકર્ડમાં કોઇ ઉલ્લેખ નથી. જે આ કામે આંક–173, 174, 175 તથા આંક–301, 302 નાં દસ્તાવેજોથી ફલિત થાય છે. આ સંદર્ભે ધી હિન્દુ સકસેશન એકટની જોગવાઇઓ લાગુ પડે. તે બાબતે પક્ષકારો વચ્ચે કોઇ તકરાર નથી. કારણ કે બંને પક્ષકારો હિન્દુ છે. તેમજ એ હકીકત પણ નિર્વિવાદીત છે કે ઇન્દ્રસિંહને બે દીકરીઓ હતી. જેમાં એક વાદી કનુબેન જયારે બીજી દીકરી મનહરબા હતી. ઉપરોકત હકીકતો સાથે ધી હિન્દુ સકશેસન એકટની કલમ– 6 વંચાણે લઇએ તો તે નીચે મુજબ છે.

***Section 6. Devolution of interest in coparcenary property.***

*[1][(1) On and from the commencement of the Hindu Succession (Amendment) Act, 2005 (39 of 2005), in a Joint Hindu family governed by the Mitakshara law, the daughter of a coparcener shall,*

*(a) by birth become a coparcener in her own right the same manner as the son;*

*(b) have the same rights in the coparcenery property as she would have had if she had been a son;*

*(c) be subject to the same liabilities in respect of the said coparcenery property as that of a son, and any reference to a Hindu Mitakshara coparcener shall be deemed to include a reference to a daughter of a coparcener:*

*Provided that nothing contained in this sub-section shall affect or invalidate any disposition or alienation including any partition or testamentary disposition of property which had taken place before the 20th day of December, 2004.*

*(2) Any property to which a female Hindu becomes entitled by virtue of sub-section (1) shall be held by her with the incidents of coparcenary ownership and shall be regarded, notwithstanding anything contained in this Act or any other law for the time being in force, as property capable of being disposed of by her by testamentary disposition.*

*(3) Where a Hindu dies after the commencement of the Hindu Succession (Amendment) Act, 2005 (39 of 2005), his interest in the property of a Joint Hindu family governed by the Mitakshara law, shall devolve by testamentary or intestate succession, as the case may be, under this Act and not by survivorship, and the coparcenery property shall be deemed to have been divided as if a partition had taken place and,*

*(a) the daughter is allotted the same share as is allotted to a son;*

*(b) the share of the pre-deceased son or a pre-deceased daughter, as they would have got had they been alive at the time of partition, shall be allotted to the surviving child of such pre-deceased son or of such pre-deceased daughter; and*

*(c) the share of the pre-deceased child of a pre-deceased son or of a pre-deceased daughter, as such child would have got had he or she been alive at the time of the partition, shall be allotted to the child of such pre-deceased child of the pre-deceased son or a pre-deceased daughter, as the case may be.*

*Explanation.--For the purposes of this sub-section, the interest of a Hindu Mitakshara coparcener shall be deemed to be the share in the property that would have been allotted to him if a partition of the property had taken place immediately before his death, irrespective of whether he was entitled to claim partition or not.*

*(4) After the commencement of the Hindu Succession (Amendment) Act, 2005 (39 of 2005), no court shall recognise any right to proceed against a son, grandson or great-grandson for the recovery of any debt due from his father, grandfather or great-grandfather solely on the ground of the pious obligation under the Hindu law, of such son, grandson or great-grandson to discharge any such debt:*

*Provided that in the case of any debt contracted before the commencement of the Hindu Succession (Amendment) Act, 2005 (39 of 2005), nothing contained in this sub-section shall affect*

*(a) the right of any creditor to proceed against the son, grandson or great-grandson, as the case may be; or*

*(b) any alienation made in respect of or in satisfaction of, any such debt, and any such right or alienation shall be enforceable under the rule of pious obligation in the same manner and to the same extent as it would have been enforceable as if the Hindu Succession (Amendment) Act, 2005 (39 of 2005) had not been enacted.*

*Explanation--For the purposes of clause (a), the expression son, grandson or great-grandson shall be deemed to refer to the son, grandson or great-grandson, as the case may be, who was born or adopted prior to the commencement of the Hindu Succession (Amendment) Act, 2005 (39 of 2005).*

*(5) Nothing contained in this section shall apply to a partition, which has been effected before the 20th day of December, 2004*

*Explanation.--For the purposes of this section partition means any partition made by execution of a deed of partition duly registered under the Registration Act, 1908 (16 of 1908) or partition effected by a decree of a court.]*

આમ, હિન્દુ સકસેશન એકટની સુધારેલી કલમ–6 મુજબ પુત્રીઓને પણ જન્મથી જ મિલ્કતમાં અધિકાર મળે છે. વધુમાં સદર સુધારેલી કલમ–6 ના અર્થઘટન અને પુત્રીઓને મળવાપાત્ર અધિકારને લગત નામ. સુપ્રીમ કોર્ટે નીચે મુજબનાં ચુકાદામાં સિધ્ધાંત પ્રસ્થાપિત કરેલ છે.

**2020 (0) AIJEL-SC 66451; Vineeta Sharma Versus Rakesh Sharma And Others**

આમ, ઇશ્વરસિંહની મિલ્કતોમાં તેઓનાં બંને દીકરાઓ સરખી રીતે હકદાર બને છે અને તેથી તેઓનાં પુત્ર ઉંદેસિંહ માત્ર અડધી જ મિલ્કતનાં હકદાર ઠરે છે. પરંતુ તેઓએ પોતાનાં એકલાનું નામ રેવન્યુ રેકર્ડમાં ચઢાવી, તેઓનાં ભાઇ ઇન્દ્રસિંહ અને તેઓનાં વારસોનાં હીસ્સાની જમીન પણ જેમ તેઓ પોતે માલિક હોય તે રીતે રેવન્યુ રેકર્ડમાં નોંધ કરાવેલ છે.

વધુમાં બંને ભાઇઓ વચ્ચે કે પરીવાર વચ્ચે મિલ્કતનાં ભાગ પાડવામાં આવેલ  ન હતા. આથી, એમ જણાય આવે છે કે, તેઓએ કર્તા તરીકે સંયુકત મિલ્કતનાં વહીવટ કરવા માટે માત્ર પોતાનું નામ રેવન્યુ રેકર્ડમાં ચઢાવેલ છે. પરંતુ રેવન્યુ રેકર્ડમાં નામ ચઢાવી દેવાથી કો–પાર્સનરનો હકક મટી જતો નથી અને રેવન્યુ રેકર્ડમાંની નોંધ માત્ર ‘ fiscal purpose’ માટેની હોય છે અને તે માલિકીનો દસ્તાવેજ નથી. જે સિધ્ધાંત નીચે મુજબનાં ચુકાદામાં પ્રસ્થાપિત

કરવામાં આવેલ છે.

**Jitendrasinh v/s State of Madhya Pradesh; 2021 (0) AIJEL-SC 67695**

5 xxxx Be that as it may, as per the settled proposition of law, mutation entry does not confer any right, title or interest in favour of the person and the mutation entry in the revenue record is only for the fiscal purpose. As per the settled proposition of law, if there is any dispute with respect to the title and more particularly when the mutation entry is sought to be made on the basis of the will, the party who is claiming title/right on the basis of the will has to approach the appropriate civil court court and get his rights crystalised and only thereafter on the basis of the decision before the civil court necessary mutation entry can be made.

6. Right from 1997, the law is very clear. In the case of Balwant Singh v Daulat Singh (D) By Lrs, reported in (1997) 7 SCC 137, this Court had an occasion to consider the effect of mutation and is observed and held that mutation of property in revenue records neither creates nor extinguishes title to the property nor has it any presumptive value on title. Such entries are relevant only for the purpose of collecting land revenue. Similar view has been expressed in the series of decisions thereafter.

વધુમાં મ્યુનીસીપલની એન્ટ્રીને નામદાર સુપ્રીમ કોર્ટે આધાર બનાવીને સંયુકત મિલ્કતમાં હીસ્સા ઠરાવતો હુકમ ભુલભરેલો છે. તેવો સિધ્ધાંત નીચે મુજબનાં ચુકાદામાં પ્રસ્થાપિત કરેલ છે.

**Anand Dev puri v/s Guriqbal Singh as reported in AIR 1996 (11) SCC 164**

આમ, ઉપરોકત ચુકાદાથી સ્પષ્ટ છે કે, જ્યારે રેવન્યુ રેકર્ડને ટાઇટલનાં દસ્તાવેજ ગણી શકાય તેમ ન હોય અને તે માત્ર ' fiscal purpose' માટે હોય, તેટલા પુરતું જ રેવન્યુ રેકર્ડનાં દસ્તાવેજને મહત્વ આપી શકાય. આમ, ઉપરોકત ચર્ચા કર્યા મુજબ સદર રે.સ.નં. 207/2 વાળી જમીનમાં ઉદેસિંહ ઇશ્વરસિંહ છાસટીયાનો માત્ર અડધી જમીનમાં જ હીસ્સો આવેલ હોય, બાકીની રહેતી અડધી જમીન તેઓનાં ભાઇ ઇન્દ્રસિંહ ઇશ્વરસિંહ છાસટીયાનાં વારસોના હીસ્સે આવેલ હોવાનું માનવાને કારણ રહે છે. હવે, જ્યારે ઇન્દ્રસિંહ ઇશ્વરસિંહ છાસટીયા તથા તેઓનાં વાદી સિવાયની અન્ય પુત્રી એટલે કે મનહરબાનાઓ ગુજરી ગયેલ છે તથા તેઓની બીજી પુત્રી મનહરબાનાઓને કોઇ સંતાન ન હતું.

ત્યારે ઇન્દ્રસિંહ ઇશ્વરસિંહ છાસટીયાનાઓનાં હીસ્સે આવેલ અડધી મિલ્કત હાલનાં વાદીને મળે તેમ છે.

( 18. ) હવે, દાવા અરજી સાથેનાં શીડયુલ બ માં જણાવેલ રે.સ.નં. 207/2 નવો બ્લોક નં. 541 ની બાકીની અડધી જમીન કે જે ઉદેસિંહ ઇશ્વરસિંહનાં ભાગે આવેલ. તે અન્વયે જોઇએ તો તે નિર્વિવાદીત હકીકત છે કે, ઉદેસિંહનાં લગ્ન પ્રભાતબા સાથે થયેલા અને તેઓને કોઇ સંતાન ન હતા. તેમજ ઉદસિંહ પ્રથમ ગુજરી ગયેલા અને ત્યારબાદ પ્રભાતબા ગુજરી ગયેલ છે. એ પણ નિર્વિવાદીત હકીકત છે કે, ઉદેસિંહ ગુજરી જતાં રેવન્યુ રેકર્ડમાં સદર રે.સ.નં. 207/2 નવો બ્લોક નં. 541 વાળી જમીનની નોંધ પ્રભાતબાનાં નામે કરવામાં આવેલી. આ કામે પ્રતિવાદીનો કેસ એવો છે કે, પ્રભાતબાએ તા. 13/04/1992 માં એક રજીસ્ટર્ડ વીલ પોતાનાં ભાઇનાં નામે સદર મિલ્કત તેઓનાં મૃત્યુ બાદ મળે. તે મુજબનું વીલ કરેલ. પરંતુ પ્રભાતબાની હયાતીમાં જ તેણીનાં ભાઇ ગંભીરસિંહનાઓ ગુજરી જતાં, તેણીએ તા. 27/02/2001 નાં રોજ વીલ કરેલ. જેમાં તેણીએ પોતાનાં મૃત્યુ બાદ સદર મિલ્કત તેણીનાં ભાભી એટલે કે ગંભીરસિંહની પત્ની કનુબેનને મળે તેવું પ્રાવધાન કરેલ. આ હકીકતો પુરવાર કરવા પ્રતિવાદી તરફે પ્રતિવાદી નં. 1 નાઓએ આંક-416 થી સોગંદ ઉપર જુબાની આપેલ છે. તેમજ તા. 13/04/1992 નાં રોજનાં વીલમાં જણાવેલ સાક્ષી તરીકે સહી કરનાર નરેન્દ્રકુમાર રમણલાલ પંડયાને આંક-423 થી સોગંદ ઉપર તપાસેલ છે. તેમજ આંક-424 થી પ્રતિવાદીએ જણાવેલ બંને વીલોનાં સાક્ષી અમીરસિંહ બેચરસિંહ રાજનાઓને તપાસેલ છે. આથી, આ મહત્વની હકીકત બને છે કે, આ કામે પ્રતિવાદીએ જણાવેલ હકીકતો મુજબનાં વીલ પુરવાર થયેલ છે કે કેમ ? તેનાં ઉપર આધાર રાખી શકાય કે કેમ ?

( 19. ) આ કામે ઉપરોકત કરેલ ચર્ચા મુજબ તા. 13/04/1992 નાં વીલનાં બંને સાક્ષીઓને પ્રતિવાદીએ તપાસેલ છે. તેમજ તા. 27/02/2001 નાં વીલનાં એક સાક્ષીને તપાસેલ છે તથા તેના બીજા સાક્ષી ગુજરી ગયેલ છે. તેવી હકીકત રેકર્ડ ઉપર આવેલ છે. પ્રતિવાદી તરફે તપાસવામાં આવેલ સાહેદ નરેન્દ્રકુમાર રમણલાલ પંડયાનાઓની આંક-423 ની જુબાની વંચાણે લેતાં તેઓએ પોતાની ઉલટ-તપાસમાં સ્પષ્ટ રીતે કબુલ રાખેલ છે કે,

*" એ વાત ખરી છે કે, પ્રભાતબાને લકવો થયેલ હતો. "*

*" એ વાત ખરી છે કે, પ્રભાતબા તેમના ઘરે જ રહેતા હતા અને ક્યાં બહાર જતા ન હતા અને 1992 માં પણ તેઓ ઘરની બહાર ગયેલા નથી. "*

આમ, સદર સાહેદે જણાવેલ ઉપરોકત હકીકતો ઉપરથી સ્પષ્ટ જણાય આવે છે કે, પ્રભાતબા વીલ રજીસ્ટર્ડ કરાવવા રજીસ્ટ્રારશ્રીની કચેરીએ ગયા ન હતા. કારણ કે તેઓ 1992 ની સાલમાં પણ ઘરની બહાર ગયેલ નથી. ત્યારે એ મહત્વની હકીકત બને છે કે, પ્રભાતબાએ તા. 13/04/1992 નાં વીલમાં કઇ જગ્યાએ સહી કરેલ. એટલે કે પોતાનાં ઘરે સહી કરેલ છે કે રજીસ્ટ્રારશ્રીની કચેરીએ જઇને સહી કરેલ. વધુમાં આ હકીકત પણ તેઓએ ઉલટ-તપાસમાં સ્વીકારેલ છે કે, પ્રભાતબાને લકવો થયેલ હતો. આ પરિસ્થિતીમાં પ્રભાતબા બોલવાની સ્થિતીમાં હતા કે કેમ ? સમજણની સ્થિતી શું હતી ? તે તમામ હકીકતો મહત્વની બને છે. જે બાબતે આ સાહેદ કોઇ હકીકત જણાવતા નથી અને કેટલા વર્ષોથી તેણીને લકવો થયેલ. તે હકીકત પણ આ સાહેદ જણાવતા નથી. આથી, તે બાબતે પ્રતિવાદી નં. 1/1 નાં આંક-416 નો પુરાવો વંચાણે લઇએ તો, કનુબેન ગંભીરસિંહ રાજે પોતાની સર તપાસમાં તે બાબતની કોઇ હકીકત જણાવેલ નથી. પરંતુ ઉલટ-તપાસમાં કબુલ રાખેલ છે કે,

*" એ વાત ખરી છે કે પ્રભાતબાને લકવો થયેલો હતો અને આખુ જમણું અંગ લકવાગ્રસ્ત હતું. "*

*" એ વાત ખરી છે કે, પ્રભાતબા ગુજરી ગયા ત્યારે તેઓને ભાન રહેતું ન હતું. "*

આમ, પ્રતિવાદી નં. 1/1 નાં પુરાવામાં પણ કયારથી પ્રભાતબા લકવાગ્રસ્ત થયેલા. તે વર્ષ બાબત કોઇ હકીકત જણાવવામાં આવેલ નથી. પરંતુ તેણીનું આખું જમણું અંગ લકવાગ્રસ્ત હતું. તે હકીકત રેકર્ડ ઉપર આવેલ છે.

હવે, જ્યારે કોઇ વ્યકિતનું આખું જમણું અંગ લકવાગ્રસ્ત હોય ત્યારે એમ માનવાને કારણ રહે છે કે, તેણીને બોલવા ચાલવામાં તકલીફ રહે તથા તેઓ

સામાન્ય વ્યકિતની જેમ પોતાનાં વિચારોની અભિવ્યકિત કરી શકે નહીં. આવા સંજોગોમાં તેણી પોતાનાં વિચાર અભિવ્યકત કરવાની સ્થિતીમાં હતા કે કેમ ? તથા જો હતા તો કેટલી હદે પોતાનાં વિચાર અભિવ્યકત કરી શકતા હતા. તે મહત્વની હકીકત બને છે. પરંતુ આ માનસીક તથા શારીરીક સ્થિતી બાબતે પ્રતિવાદીએ પોતાની જુબાનીમાં કોઇ હકીકત જણાવેલ નથી. તે જ રીતે તેણીએ તપાસેલ આંક-423 નાં સાહેદ નરેન્દ્રકુમાર રમણલાલ પંડયાનાઓએ તથા આંક-424 નાં સાહેદ અમીરસિંહ બેચરસિંહ રાજનાઓએ પણ પ્રભાતબાની માનસીક તથા શારીરીક સ્થિતી બાબત કોઇ હકીકત જણાવેલ નથી.

વધુમાં જોઇએ તો આ પ્રતિવાદી કોઇપણ જગ્યાએ એ હકીકત જણાવતા નથી કે પ્રભાતબા કેટલા ધોરણ સુધી ભણેલા હતા ? તથા તેઓ કયા હાથેથી લખતાં હતાં ? મોટાભાગે લોકો જમણા હાથથી લખતા હોય છે અને અપવાદરુપ કિસ્સામાં જ કોઇ વ્યકિત ડાબા હાથથી લખતા હોય છે. હાલનાં કીસ્સામાં પ્રભાતબા જમણા હાથથી લખતા ન હતા અને ડાબા હાથથી લખતા હોય તેવા કોઇ અપવાદનાં કીસ્સાનો પ્રતિવાદીનો કેસ નથી.

વધુમાં હાલનાં કામે વાદી તરફે તપાસવામાં આવેલ આંક-332 નાં સાહેદ શ્રી નરેન્દ્રસિંહ રણજીતસિંહ રાઓલનીનાઓએ તેમની સરતપાસમાં એવી હકીકત જણાવેલ છે કે,

> *"...અમો ઝાણોર મુકામે 10 થી 12 વર્ષથી પોલીસ પટેલ તરીકે સેવા બજાવેલ હોવાનાં કારણે સારી રીતે જાણીએ છીએ. તેમજ પ્રભાતબા દાવા અગાઉ બે ત્રણ વરસથી તેઓ સતત બીમાર રહેતા હતા. તેમજ તેઓ ગુજરી ગયા ત્યાં સુધી બીમાર અને પથારીવશ હતા. તેમની તબીયત બિલ્કુલ સારી રહેતી ન હતી અને તેઓ સારુ નરસુ સમજવા કાબેલ ન હતા."*

આ હકીકતો બાબત સદર સાહેદની ઉલટ-તપાસમાં તકરાર ઉઠાવવામાં આવેલ છે. પરંતુ આ પ્રભાતબાની શારીરીક તથા માનસીક પરિસ્થિતી બાબત સમય સાથે અન્ય કોઇ સાહેદ કે પક્ષકારો કોઇ હકીકત જણાવતા ન હોય, ત્યારે આ સાહેદે જણાવેલ સમયગાળાથી પ્રભાતબા બીમાર અને પથારીવશ હોવાનું માનવા સિવાય અત્રેની કોર્ટને બીજો કોઇ વિકલ્પ નથી.

(20.) વધુમાં જોઇએ તો પ્રતિવાદી નં. 1 નાએ પોતાનાં દાવા-જવાબ કે સરતપાસનાં સોગંદનામામાં કોઇ જગ્યાએ એ હકીકત જણાવેલ નથી કે તા. 27/02/2001 નું વીલ કોનાં કબજામાં હતું અને કેમ હતું ? અને પ્રતિવાદી નં. 1/1 ને તે વીલનાં કબજા અંગેની જાણ હતી કે કેમ ? આ હકીકત એટલા માટે મહત્વની બને છે કે, પ્રતિવાદી નં. 1 એ આ કામે રણજીતસિંહ કાળુબાવા છાંસટીયા નામની વ્યકિતનું તા. 07/01/2002 નાં રોજનું નિશાની 227/4 વાળું સોગંદનામુ રજુ કરેલ છે. જેમાં સદર વ્યકિતએ તા. 27/02/2001 નું વીલ તેઓનાં કબજામાં રહેલ હોવાનું જણાવેલ છે તથા તે બાબતે આ કામે મૌખિક પુરાવો આપનાર પ્રતિવાદી કનુબેન ગંભીરસિંહનાઓને જાણ ન હતી. તેમ જણાવેલ છે. હવે, જ્યારે પ્રભાતબા સને 1992 થી લઇને તેણી જીવ્યા ત્યાં સુધી ઘરથી બહાર ગયેલા નહીં. ત્યારે જો ખરેખર તા. 27/02/2001 નાં રોજનું વીલ તેણીએ કરેલ હોત તો સ્વાભાવિક રીતે તેની જાણ ઘરનાં તમામ સભ્યોને હોત. વધુમાં જો પ્રભાતબા આવુ વીલ કરવાની ઇચ્છા ધરાવતા હોત તો તેની જાણ પણ પ્રતિવાદી કનુબેન ગંભીરસિંહને તથા તેમના પરીવારનાં તમામ સભ્યોને હોવી જોઇએ. પરંતુ સદર સોગંદનામુ વંચાણે લેતાં સ્પષ્ટ છે કે, કનુબા ગંભીરસિંહનાઓને આ વીલ અંગે તા. 5/1/2002 સુધી જાણ ન હતી. આમ, પ્રભાતબા, કનુબેન ગંભીરસિંહની તરફેણમાં વીલ બનાવવા ઇચ્છા ધરાવે છે. તેની જાણ કનુબેન ગંભીરસિંહને ન હોય, તે જ હકીકત તા. 27/02/2001 નાં વીલ ઉપર શંકા ઉપજાવે છે. તેમજ તે જ રીતે પ્રભાતબા ઘરમાં જ વીલની ટાઇપડ કોપીમાં સહી કરે અને તેની જાણ કનુબેન ગંભીરસિંહનાઓને ઘણા સમય સુધી ન થાય તે હકીકત પણ સદર તા. 27/02/2001 નાં વીલ ઉપર શંકા ઉપજાવે છે. ખાસ કરીને કે જ્યારે રણજીતસિંહ કાળુબાવા છાસટીયાનાઓ પોતાની નિશાની-227/4 વાળી એફીડેવીટમાં એમ જણાવતા હોય કે *"..પરંતુ ગઇ તા. 5/1/02 નાં રોજ કનુબા મારે ત્યાં પોતાની એક પરણીત દીકરીની સામાજીક બાબત માટે ઘરે આવેલા અને મારા પત્ની સાથે તેણી વાતચીત કરતી હતી. જેથી તે વાતચીતમાં તેણીએ પોતાને હવે તે જમીન મળશે નહી. કારણ કે તેમના ધણી ગંભીરસિંહ ગુજરી ગયેલા છે અને પ્રભાતબા તેમની પછી ગુજરી ગયેલ છે. તેથી કાયદા પ્રમાણે મને જમીન મળી શકે નહીં."*

તે ઉપરાંત આ કામે પ્રતિવાદી નં. 1 તરફે રજુ થયેલ બંને વીલોમાં પ્રભાતબાની સહીમાં પણ પ્રથમ દર્શનીય રીતે તફાવત જણાય આવે છે. પરંતુ

વાદી તરફે બંને સહીઓની સરખામણી કરાવવા કોઇ મુદો ઉપસ્થિત કરવામાં આવેલ ન હોય, તેનાં આધારે હું કોઇ નિર્ણય કરતી નથી. પરંતુ ઉપરોકત ચર્ચા કરેલ હકીકતો અને સંજોગો કે જે તા. 27/02/2001 નાં વીલને શંકાસ્પદ બનાવે છે. તેની સ્પષ્ટતા પ્રતિવાદી તરફે થવી જોઇતી હતી. કારણ કે તેઓનો કેસ વીલનાં આધારે છે અને જે સંદર્ભે વાદી તરફે ટાંકવામાં આવેલ નીચે મુજબનાં ચુકાદાનાં સિધ્ધાંતો લાગુ પડે તેમ છે.

**1.) Lalitaben Jyantilal Popat v/s Pragnaben Jamnadas; Kataria reported in AIR 2009 SC 1389**

*Succession Act, 1925-S. 63(c) probation of will --whether execution of the Will has been proved – held, execution of a Will must be held to have been proved not only when the statutory requirements for proving the Will are satisfied but the Will is also found to be ordinarily free from suspicious circumstances when such evidences are brought on record, the Court may take aid of the presumptive evidences also.*

*Evidence Act, 1872--S. 68 --will-- execution of --whether proved --held, no --propounder must prove execution and attestation of the Will by examining at least one of the attesting witnesses-- suspicious circumstances appear on the face of the Will-impugned judgment cannot be sustained - appeal allowed.*

**2.) Jayesh Damjibhai Gajjar v/s Dineshbhai Damjibhai Gajjar; 2013 (0) AIJEL-HC 233516**

*15. Therefore, the law is well settled that when a Will is surrounded by suspicious circumstances the person propounding the Will has a very heavy burden to discharge the onus of proof and mus of removing suspicious circumstances surrounding the execution of the Will.*

*16 Since there were suspicious circumstances, it was necessary for the defendants to explain the same. The registration of the Will by itself was not sufficient to remove the suspicion. Even non- examination of the Sub Registrar also creates suspicion about the genuineness of the Will. There is no evidence whether the Will was read over by the Sub Registrar or anybody else before it was registered. xx*x

**3.) Bai Jamnadevi v/s Jakhu Vallabhbhai T. Tandel; 1998 (0) GLHEL -HC 201235**

*Hindu Law -SUCCESSION ACT, 1925-S. 63C-second appeal-execution of Will-validity -whether lower Appellate Court was justified in upholding the Will in the face of suspicious circumstances and that the daughter was totally excluded from receiving any property of deceased -question of law -held, in order to prove that a Will executed by the testator is genuine, the propounder has to establish first execution of the Will -not only execution but attestation of the Will is also required to be proved by the propounder -suspicious circumstances are also required to be explained by the propounder to the satisfaction of the Court -it is proved that deceased testator was not in sound disposing mind at the time of execution of the Will - suspicious circumstances could not be explained by propounder - Will in question cannot be said to be genuine legal and valid document - decree of lower Appellate Court cannot be sustained - appeal allowed.*

**4.) Murthy versus C.Saradambal; 2021 (0) AIJEL-SC 68108**

*Will-grant of letters of administration- suspicious circumstances-propounder of Will must examine one or more attesting witnesses and onus is placed on propounder to remove all suspicious circumstances with regard to execution of Will-plaintiffs have failed to prove Will in accordance with law inasmuch as they have not removed suspicious circumstances, surrounding execution of Will -hence, Will, not being a valid document in eye of law, no Letters of Administration can be granted to them.*

આમ, જ્યારે ઉપરોકત ચર્ચા કર્યા મુજબ ગંભીર પ્રકારનાં શંકાસ્પદ સંજોગો રેકર્ડ ઉપર આવેલ હોય અને તે બાબતે પ્રતિવાદી તરફે સ્પષ્ટતા કરવામાં આવતી ન હોય ત્યારે તા. 27/02/2001 નાં કહેવાતા વીલનાં આધારે પ્રતિવાદી નં. 1 નો હકક હિત ઠરાવી શકાય નહીં.

( 21. ) વધુમાં જોઇએ તો તા. 13/04/1992 નાં વીલ વંચાણે લઇએ તો તેમાં સદર બ્લોક નં. 541 વાળી જમીન તેણીની હયાતી બાદ ગંભીરસિંહ ઇશ્વરસિંહ રાજને મળે તેમ ઠરાવેલ છે. પરંતુ તેણીની હયાતીમાં જ ગંભીરસિંહ ઇશ્વરસિંહ રાજનાઓ ગુજરી ગયેલ છે. તે નિર્વિવાદીત હકીકત રેકર્ડ ઉપર આવેલ છે. વધુમાં જોઇએ તો વીલની વેલીડીટી કે કયા સંજોગોમાં વીલની અમલવારી કરાવી શકાય નહીં તેને લગત ધી હિન્દુ સકસેશન એકટમાં કોઇ પ્રાવધાન કરવામાં આવેલ નથી અને તેમાં માત્ર વીલ શબ્દનો ઉલ્લેખ કરવામાં આવેલ છે. જેથી વીલને લગત સામાન્ય કાયદાઓ ધી ઇન્ડીયન સકસેશન એકટ, 1925 ની

જોગવાઇઓ મુજબ લાગુ પડે. જેમાં કલમ–105 નીચે મુજબ છે.

**Section 105 in The Indian Succession Act, 1925**

**105. In what case legacy lapses.—**

*(1) If the legatee does not survive the testator, the legacy cannot take effect, but shall lapse and form part of the residue of the testator's property, unless it appears by the Will that the testator intended that it should go to some other person.*

આમ, ઉપરોકત જોગવાઇ મુજબ પ્રભાતબાની હયાતીમાં જ ગંભીરસિંહ ઇશ્વરસિંહ રાજનાઓ ગુજરી ગયેલ હોય, તેઓનાં પુરતુ સદર વીલની અમલવારી થઇ શકે નહીં. આમ, પ્રતિવાદી નં. 1 તરફે રજુ થયેલ બંને વીલમાંથી કોઇપણ વીલ ઉપર આધાર રાખી શકાય તેમ નથી. તેથી તેવા વીલથી રે.સ.નં. 207/2 નવો બ્લોક નં. 541 વાળી જમીનમાં પ્રતિવાદી નં. 1/1 ને કોઇ હકક મળતો નથી. તે સિવાય અન્ય કોઇ Testamentory document પ્રતિવાદી નં. 1/1 તરફે રજુ થયેલ નથી. આ સંજોગોમાં ધી હિન્દુ સકસેશન એકટની કલમ– 15 લાગુ પડે. જે નીચે મુજબ છે.

**Section 15. General rules of succession in the case of female Hindus.**

*(1) The property of a female Hindu dying intestate shall devolve according to the rules set out in section 16,*

*(a) firstly, upon the sons and daughters (including the children of any pre-deceased son or daughter) and the husband;*

*(b) secondly, upon the heirs of the husband;*

*(c) thirdly, upon the mother and father;*

*(d) fourthly, upon the heirs of the father; and*

*(e) lastly, upon the heirs of the mother.*

*(2) Notwithstanding anything contained in sub-section (1),*

*(a) any property inherited by a female Hindu from her father or mother shall devolve, in the absence of any son or daughter of the deceased (including the children of any pre-deceased son or daughter) not upon the other heirs referred in sub-section (1) in the order specified therein, but upon the heirs of the father; and*

*(b) any property inherited by a female Hindu from her husband or from her father-in-law shall devolve, in the absence of any son or daughter of the deceased (including the children of any pre-deceased son or daughter) not upon the other heirs referred to in sub-section (1) in the order specified therein, but upon the heirs of the husband.*

આમ, ઉપરોકત કલમથી સ્પષ્ટ છે કે, જ્યારે કોઇ હિન્દુ સ્ત્રી ગુજરી જાય ત્યારે તેણીની મિલ્કત તેણીનાં પતિનાં વારસોને મળે. આ કાયદાકીય સ્થિતીમાં તેણીનાં પતિનાં વારસો કોને ગણી શકાય. તે અન્વયે ધી હિન્દુ સકસેશન એકટનાં શીડયુલ લાગુ પડે. જે નીચે મુજબ છે.

*THE SCHEDULE (See section 8)*

*HEIRS IN CLASS I AND CLASS II*

***Class I***

*Son; daughter; widow; mother; son of a pre-deceased son; daughter of a pre-deceased son; son of a pre-deceased daughter; daughter of a pre-deceased daughter; widow of a pre-deceased son; son of a pre-deceased son of a pre-deceased son; daughter of a pre-deceased son of a pre-deceased son; widow of a pre-deceased son of a pre-deceased son 1 [son of a predeceased daughter of a pre-deceased daughter; daughter of a pre-deceased daughter of a pre-deceased daughter; daughter of a pre-deceased son of a pre-deceased daughter; daughter of a pre-deceased daughter of a pre-deceased son].*

***Class II***

*I. Father.*

*II. (1) Son’s daughter’s son, (2) son’s daughter’s daughter, (3) brother, (4) sister.*

*III. (1) Daughter’s son’s son, (2) daughter’s son’s daughter, (3) daughter’s daughter’s son, (4) daughter’s daughter’s daughter.*

*IV. (1) Brother’s son, (2) sister’s son, (3) brother’s daughter, (4) sister’s daughter.*

*V. Father’s father; father’s mother.*

*VI. Father’s widow; brother’s widow.*

*VII. Father’s brother; father’s sister.*

*VIII. Mother’s father; mother’s mother.*

*IX. Mother’s brother; mother’s sister.*

*Explanation.—In this Schedule, references to a brother or sister do not include references to a brother or sister by uterine blood.*

આમ, ઉપરોકત નિર્વિવાદીત હકીકતો કે ઉદેસિંહ અને પ્રભાતબાનાં કોઇ સંતાન ન હતા. તે સાથે તે હકીકત કે ઉદેસિંહનાં ભાઇ ઇન્દ્રસિંહનાઓની બે પુત્રીઓ હતી. જેમાં એક પુત્રી મનહરબા ગુજરી ગયેલ છે અને બીજી પુત્રી એટલે કે વાદી હયાત હોય, ત્યારે સદર શીડયુલનાં ભાગ – 1 નાં કોઇ વારસદાર ઉપલબ્ધ ન હોય, ભાગ– 2 નાં ચોથી શ્રેણીમાં વાદી આવતા હોય ત્યારે સદર મિલ્કત વાદીને મળવાપાત્ર બને છે. આવા જ સિધ્ધાંતો નામદાર સુપ્રીમ કોર્ટે નીચે મુજબનાં ચુકાદામાં પ્રસ્થાપિત કરેલ છે.

**Satya Charan Dutta v/s Urmila Sundari Desai reported in AIR 1970 SC 1714.**

*Hindu Succession Act, 1956-S. 8, Schedule, Class II Entry II-share-widow succeeding to property of her deceased husband -the Act came into force- death of widow intestate- heirs of her deceased husband succeed -whether use of arabic numerals decisive of point whether or not heirs specified in Entry II of Class II succeed simultaneously and equally -held, no, brother and sister of her deceased husband succeed jointly having equal shares - appeal dismissed.*

આમ, ઉપરોકત જોગવાઇ અને સિધ્ધાંતો મુજબ દાવા સાથેનાં શીડયુલ બ માં જણાવેલ રે.સ.નં. 207/2 વાળી જમીનમાંનાં ઉદેસિંહનાં ભાગે આવેલ જમીન કે જે પાછળથી પ્રભાતબાનાઓનાં હીસ્સે મળવાપાત્ર થાય છે. તે જમીન પણ વારસાઇ હકનાં કાયદાની રુએ વાદીને મળે તેમ છે.

આમ, ઉપરોકત રે.સ.નં. 207/2 નવો બ્લોક નં. 541 ક્ષેત્રફળ હે.આરે.પ્ર.આર 1-50-75 આકાર રૂ. પૈસા 18-44 વાળી આખી જમીન વાદીઓનાં હકક હિસ્સે વારસાઇનાં કાયદાની રૂએ આવતી હોવાનું ઠરાવું છું અને તે રીતે મુદા નં. 2 નો જવાબ હકારમાં ઠરાવું છું અને તે સિવાયની મિલ્કતો અંગે જવાબ અગાઉ કરવામાં આવેલ તા. 29/03/2012 નાં રોજનાં સમાધાનનાં આધારે થયેલ કરારદાદી હુકમનામા મુજબ ઠરાવું છું.

**<u>મુદા નં. 3</u>**

(22. ) ઉપરોકત મુદા નં. 2 ને લગત ચર્ચા કર્યા મુજબ જ્યારે રે.સ.નં. 207/2 નવો બ્લોક નં. 541 ની આખી જમીન વારસાઇનાં કાયદા મુજબ વાદીનાં ભાગે આવતી હોય ત્યારે અને જ્યારે બીજા કોઇ વારસ સદર મિલ્કતનાં ન હોય ત્યારે સદર મિલ્કતનું વિભાજન કરવાનું થતું નથી અને તે રીતે આ મુદ્દા નં. 3 નો જવાબ નકારમાં ઠરાવું છું.

**<u>મુદા નં. 6</u>**

(23.) આ મુદા અન્વયે જોઇએ તો, હાલનાં કામે પ્રતિવાદી તરફે એક સમયમર્યાદાનો મુદો ઉઠાવવામાં આવેલ છે. જે અંગે વાદીએ એવી હકીકત જણાવેલ છે કે, ઉદેસિંહ ઇશ્વરસિંહ કુટુંબનાં કર્તા હતા અને તેઓ તા. 28/3/91 નાં રોજ ગુજરી જતા ગુજરનાર ઉદેસિંહ ઇશ્વરસિંહનું નામ મિલ્કતોમાંથી કમી કરાવવા અંગે પ્રતિવાદી નં. 1 સાથે ચર્ચા થતા તેઓને તેમનું નામ સહમાલિક તરીકે ન નોંધાયેલાની અને માત્ર ઉદેસિંહ ઇશ્વરસિંહનું નામ નોંધેલાની જાણ થયેલી અને તેઓએ તેમનાં કુલમુખત્યાર મારફતે રેવન્યુ રેકર્ડ તપાસ કરાવતા અને તા. 6/8/91 નાં રોજ નકલો મેળવતા તેઓને તા. 3/4/58 ની એન્ટ્રી નં. 4389 ની જાણ થયેલી. હવે, વાદી તરફે રજુ થયેલ આંક-174 થી આંક-175 નાં દસ્તાવેજો વંચાણે લઇએ તો તેની નકલની તા. 6/8/91 નાં રોજની છે. આમ, વાદીની રજુઆત સાચી હોવાનું જણાય આવે છે. આમ, વાદીના દાવાને સમયમર્યાદાનો બાધ નડતો નથી.

(24.) વધુમાં પ્રતિવાદીએ તેઓ એડવર્ઝ પઝેશનથી માલિક બનેલાની હકીકત

જણાવેલ છે. પ્રતિવાદીની આ રજુઆત સંબંધે જોઇએ તો જ્યારે પરીવારની સંયુકત મિલ્કત તમામ કો–પાર્સનરની ઇચ્છાથી કોઇ એક વ્યકિત સંભાળતા હોય, તો તેને hostile possession કહી શકાય નહીં અને તેથી તેવા કબજનાં આધારે પ્રતિવાદીઓને adverse possession નાં સિધ્ધાંતોનો લાભ મળે તેમ નથી. આ સંબંધે નીચે મુજબનાં ચુકાદામાંનાં સિધ્ધાંત લાગુ પડે છે.

**2020 (0) AIJEL-SC 65621; Shri Uttam Chand(D) Through Lrs Versus Nathu Ram (D)through**

*Limitation Act, 1963 - Art. 65 - adverse possession - limitation to file suit for possession - plaintiff filed suit for possession on the basis of purchase of suit property in public auction from Managing Officer, Department of Rehabilitation in 1964 - suit for possession filed in 1979 alleging defendants to be in an unauthorised possession of suit property and who have refused to vacate the same - defendants who claimed to be in continuous possession of suit property since 1963, denied plaintiff to be owner or that property had ever vested in Managing Officer - whether plea of defendants that they have perfected title by adverse possession can be sustainable - held, no - plea of adverse possession is founded on acceptance that ownership of property vests in another, against whom claimant asserts possession adverse to the title of other - defendants have not admitted the vesting of suit property with Managing Officer and the factum of its transfer in favour of plaintiff - defendants have denied the title not only of Managing Officer but also of plaintiff -* ***plea of defendants is one of continuous possession but there is no plea that such possession was hostile to the true owner of suit property - therefore, findings of High Court that defendants have perfected their title by adverse possession, held, not legally sustainable - impugned judgment and decree set aside - appeal allowed****.*

આમ, ઉપરોકત સિધ્ધાંતો મુજબ આ કામે adverse possession નાં સિધ્ધાંતો લાગુ પડે તેમ નથી.

વધુમાં જોઇએ તો જ્યારે એક પરીવારની માલિકીની મિલ્કતનું પાર્ટીશન થયેલ ન હોય ત્યારે તેવી મિલ્કતને વીલથી કોઇને આપી શકાય નહીં. તેવા સિધ્ધાંતો નીચે મુજબનાં ચુકાદામા પ્રસ્થાપિત કરવામાં આવેલ છે.

**1.) V. Kalyanswamy (D) By Lrs. v/s L. Bakthavatsalam (D) by Lrs. As Reported in 2020 SCALE – 9**

*(k) Hindu Succession Act, 1956-S 30-power to execute Will -even prior to Hindu Succession Act, a Hindu could execute a Will bequeathing his separate and self- acquired property-* ***as regards his authority to execute a Will concerning his interest in property of joint family of which he is a coparcener, law did not permit such an exercise*** *--as long as family remains joint, a coparcener or even a person who is entitled to share when there is a partition cannot predicate or describe his right in terms of his share -share remains shrouded and emerges only with division in title or status in joint family- once there is a division share of a coparcener is laid bare -he becomes owner of "that share" and he can alienate 'the same' -it is different from saying that he is owner of property in the sense of being exclusive owner. (Para 104,106*)

**2.) Shyam Lal @ Kuldeep v/s Sanjeev Kumar as reported in AIR 2009 S.C. 3115**

*Hindu Succession Act, 1956-S. 4, 30- Evidence Act, 1872- S. 50, 60, 74, 112 -ancestral property. -legitimacy of children -validity of Will- suit challenging mutation entry being illegal, null and void- property inherited by Will and were ancestral property-contended as it was ancestral property it could not be bequeathed by Will-contended that Will was forged and no mutation could be made -suit dismissed- High Court in second appeal held that property in hands of deceased was ancestral in character and Will could not be executed in respect to ancestral property -****held, High Court justified in findings that the property being ancestral it could not be bequeathed by Will****.*

(25 .) આમ, ઉપરોકત ચર્ચા કર્યા મુજબ વાદીઓ વારસાઇનાં કાયદા હેઠળ

રે.સ.નં. 207/2 નવો બ્લોક નં. 541 ક્ષેત્રફળ હે.આરે.પ્ર.આર 1-50-75 આકાર રુ. પૈસા 18-44 વાળી જમીનનાં હકદાર બને છે અને તેટલા પુરતી તેઓની દાદ મંજુર થવાપાત્ર બને છે. બીજી મિલ્કતો બાબતે પક્ષકારો વચ્ચે સમાધાન થઇ ગયેલ હોય અને તે સમાધાનનાં આધારે કરારદાદી હુકમનામુ થયેલ હોય, તેથી તે અન્ય મિલ્કતો બાબતે કોઇ નિર્ણય કરવાનો રહેતો નથી.

(26.) આ કેસની હકીકતો તથા લાગુ પડતી કાયદાકીય સ્થિતી જોતાં જો પક્ષકારોને પોત–પોતાનો ખર્ચ જાતે ભોગવવા હુકમ કરવામાં આવે તો તે ન્યાયોચિત રહેશે. આમ, આ રીતે આ મુદ્દા નં. 6 નો જવાબ અંશતઃ હકારમાં ઠરાવું છું.

**મુદા નં. 7**

(27.) ઉપરોકત ચર્ચા કર્યા મુજબ તથા ઉપરોકત મુદ્દાઓના મારા જવાબ ધ્યાને લઇ ન્યાયનાં હિતમાં, આ મુદા પરત્વે નીચે મુજબ હુકમ કરું છું.

**:: હુકમ ::**

1.) વાદીનો હાલનો દાવો આથી અંશતઃ મંજુર કરવામાં આવે છે.

2.) આથી ઠરાવવામાં આવે છે કે, વાદીઓ વારસાઇનાં કાયદા મુજબ શીડયુલ બ વાળી રે.સ.નં. 207/2 નવો બ્લોક નં. 541 ક્ષેત્રફળ હે.આરે.પ્ર.આર 1-50-75 આકાર રુ. પૈસા 18-44 વાળી સંપુર્ણ મિલ્કતનાં હકદાર છે.

3.) વાદીઓએ સદર રે.સ.નં. 207/2 નવો બ્લોક નં. 541 ક્ષેત્રફળ હે.આરે.પ્ર.આર 1-50-75 આકાર રુ. પૈસા 18-44 વાળી મિલ્કતની કિંમત પ્રમાણે કાયદા મુજબ નિયત સ્ટેમ્પ ફી રજુ કર્યેથી આ કામનાં પ્રતિવાદી નં. 1 પાસેથી સદર મિલ્કતનો કબજો મેળવવા હકદાર થશે.

4.) જો વાદીએ અગાઉ કોઇ કોર્ટ ફી આ દાવાને કામે રજુ કરેલ હશે તો તે મજરે આપવાની રહેશે.

5.) વાદીએ ઉપરોકત હુકમ મુજબની કોર્ટ ફી રજુ કર્યાની તારીખથી દિન – 30 માં પ્રતિવાદી નં. 1 નાઓએ ઉપરોકત રે.સ.નં. 207/2 નવો બ્લોક નં. 541 ક્ષેત્રફળ હે.આરે.પ્ર.આર 1-50-75 આકાર રુ. પૈસા 18-44 વાળી જમીન આ કામનાં વાદીઓને સોંપવાની રહેશે.

6.) પક્ષકારોએ પોત–પોતાનો ખર્ચ જાતે ભોગવવો

7.) હુકમ મુજબ હુકમનામું દોરવું.

હુકમ આજરોજ તા. 15 મી ફેબ્રુઆરી, 2024 નાં રોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી જાહેર કર્યો.

**તા. 15/02/2024** **( ગીતા મનુભાઇ આહિર)**
**સ્થળઃ ભરુચ** **બીજા એડી.સિનીયર સિવીલ જજ,**
**ભરુચ.**
**( કોડ નં. જીજે–00-808 )**